અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧૦ | અંક : ૭૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# વક્ફ એક્ટ અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો, ૩થી વધુ બિન મુસ્લિમ સભ્યો નહીં હોય

## કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેમનો આ આદેશ વક્ફ એક્ટની કાયદેસરતા પર અંતિમ અભિપ્રાય નથી અને સંપત્તિના રજીસ્ટ્રેશન સંબંધિત જોગવાઈમાં કોઈ ભૂલ નથી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

સુપ્રીમ કોર્ટે વક્ફ (સંશોધન) અધિનિયમ ૨૦૨૫ના કાયદેસરતાને પડકારતી અરજીઓ પર ચુકાદો આપતા કાયદાની કેટલીક જોગવાઈઓ પર પ્રતિબંધ લગાવ્યો છે, કોર્ટે અત્યારે તે જોગવાઈ પર પ્રતિબંધ લગાવ્યો છે, જેમાં વક્ફ બોર્ડના સભ્ય બનવા માટે ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવાની શરત રાખવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે આ સંબંધમાં યોગ્ય નિયમ બનાવવા સુધી આ જોગવાઈ લાગૂ થશે નહીં.

સુપ્રીમ કોર્ટે સોમવાર (૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫) ના કહ્યું કે કલેક્ટર વક્ફ જમીન વિવાદનું સમાધાન ન કરી શકે, આવા મામલા ટ્રિબ્યૂનલમાં જવા જોઈએ. કોર્ટે વક્ફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોની સંખ્યા પણ સીમિત કરવાનું કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્ય વક્ફ બોર્ડ અને કેન્દ્રીય વક્ફ પરિષદમાં બિન-મુસ્લિમોની સંખ્યા ત્રણથી વધુ ન હોઈ શકે.

અમે દરેક કલમ સામેના પ્રથમ દૃષ્ટિએ પડકારનો વિચાર કર્યો છે અને જાણવા મળ્યું છે કે સમગ્ર કાયદાને રોકવા માટે કોઈ કેસ બનાવવામાં આવ્યો નથી.

વક્ફ બોર્ડની રચના પર ટિપ્પણી કરતા કોહ્યું કે બોર્ડમાં વધુમાં વધુ ત્રણ સભ્યો બિન-મુસ્લિમ હોઈ શકે છે, એટલે કે ૧૧માંથી બહુમત મુસ્લિમ સમુદાયમાંથી હોવો જોઈએ. સાથે જ્યાં સુધી સંભવ હોય બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) પણ મુસ્લિમ હોવા જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેમનો આ આદેશ વક્ફ એક્ટની કાયદેસરતા પર અંતિમ અભિપ્રાય નથી અને સંપત્તિના રજીસ્ટ્રેશન સંબંધિત જોગવાઈમાં કોઈ ભૂલ નથી.

મુખ્ય વાંધો કલમ 3(r), 3(c), 3(d), ૭ અને ૮ સહિતની કેટલીક કલમો પર હતો. આમાંથી, કોર્ટે કલમ 3(r) ની જોગવાઈ પર રોક લગાવી દીધી હતી, જેમાં વક્ફ બોર્ડના સભ્ય બનવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવાની શરત રાખવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે જ્યાં સુધી સરકાર આ અંગે સ્પષ્ટ નિયમ ન બનાવે ત્યાં સુધી આ જોગવાઈ લાગુ કરવામાં આવશે નહીં, અન્યથા તે મનસ્વી સાબિત થઈ શકે છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કલેક્ટર અથવા એક્ઝિક્યુટિવને મિલકતના અધિકારો નક્કી કરવાની મંજૂરી આપવી એ સત્તાના વિભાજનની વિરુદ્ધ છે. કોર્ટે નિર્દેશ આપ્યો કે જ્યાં સુધી કલમ 3(c) હેઠળ વક્ફ મિલકતની માલિકી અંગે અંતિમ નિર્ણય વક્ફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ દ્વારા લેવામાં ન આવે ત્યાં સુધી, ન તો વક્ફ મિલકતમાંથી ખાલી કરવામાં આવશે કે ન તો મહેસૂલ રેકોર્ડ સાથે ચેડા કરવામાં આવશે. ઉપરાંત, આ સમય દરમિયાન, કોઈ તૃતીય પક્ષ અધિકારો બનાવવામાં આવશે નહીં. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કલેક્ટર અથવા એક્ઝિક્યુટિવને મિલકતના અધિકારો નક્કી કરવાની મંજૂરી આપવી એ સત્તાના વિભાજનની વિરુદ્ધ છે. કોર્ટે નિર્દેશ આપ્યો કે જ્યાં સુધી કલમ 3(c) હેઠળ વક્ફ મિલકતની માલિકી અંગે અંતિમ નિર્ણય વક્ફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ દ્વારા લેવામાં ન આવે ત્યાં સુધી, ન તો વક્ફ મિલકતમાંથી ખાલી કરવામાં આવશે કે ન તો મહેસૂલ રેકોર્ડ સાથે ચેડા કરવામાં આવશે. ઉપરાંત, આ સમય દરમિયાન, કોઈ તૃતીય પક્ષ અધિકારો બનાવવામાં આવશે નહીં.

### વક્ફ કરવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામ ફોલો કરવું જરૂરી નહીં

સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્ય વક્ફ બોર્ડ અને કેન્દ્રીય વક્ફ પરિષદમાં બિન-મુસ્લિમોની સંખ્યા ત્રણથી વધુ ન હોઈ શકે. અમે દરેક કલમ સામેના પ્રથમ દૃષ્ટિએ પડકારનો વિચાર કર્યો છે અને જાણવા મળ્યું છે કે સમગ્ર કાયદાને રોકવા માટે કોઈ કેસ બનાવવામાં આવ્યો નથી. વક્ફ બોર્ડની રચના પર ટિપ્પણી કરતા કોહ્યું કે બોર્ડમાં વધુમાં વધુ ત્રણ સભ્યો બિન-મુસ્લિમ હોઈ શકે છે, એટલે કે ૧૧માંથી બહુમત મુસ્લિમ સમુદાયમાંથી હોવો જોઈએ.

### રુબિયોના આગમન ટાણે જ ઇઝરાયેલે ગાઝામાં હુમલા વધાર્યા

। (એજન્સી) જેરુસલેમ, તા.૧૫ ।

અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોના જેરુસલેમમાં આગમન વચ્ચે ઈઝરાયેલે ઉત્તરી ગાઝા પર હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા હતાં. ભીષણ હવાઈ હુમલામાં ગાઝામાં એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ હતી અને ઓછામાં ઓછા ૧૨ પેલેસ્ટિનિયનોના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયાં હતાં. ઈઝરાયેલની મુલાકાત પહેલા રૂબિયોએ જણાવ્યું હતું કે તેઓ ગાઝા અંગેની ભાવિ યોજના અંગે ઈઝરાયેલ પાસેથી જવાબ માંગશે. અહીં ઉલ્લેખનીય છે કે ગયા સપ્તાહે કતારમાં હમાસના આતંકીઓ પર ઈઝરાયલના હુમલા પછી ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસો નિષ્ફળ ગયા હતા અને તેનાથી અમેરિકી વિદેશ મંત્રી બે દિવસની મુલાકાતના ભાગરૂપે ઈઝરાયેલ પહોંચ્યાં છે. યુનાઈટેડ નેશનમાં અલગ પેલેસ્ટાઈન દેશની રચના અંગેની ચર્ચા દરમિયાન વિશ્વમાં ઈઝરાયેલ એકલું પડી ગયું છે. આ સ્થિતિ રૂબિયાઓની મુલાકાતને ઈઝરાયેલને સમર્થન માટેની મુલાકાત ગણવામાં આવે છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામિન નેતાન્યાહુ પેલેસ્ટાઈનને માન્યતા આપવાનો જોરદાર વિરોધ કર્યા છે.




સુપ્રીમ કોર્ટે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની ઘણી મુખ્ય જોગવાઈઓ પર રોક લગાવી દીધી, પરંતુ સમગ્ર કાયદા પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો, ત્યારબાદ નવી દિલ્હીના કોર્ટ સંકુલમાં એડવોકેટ બરુણ સિંહા મીડિયા સાથે વાત કરી રહ્યા છે.

### ઘૂસણખોરોને બચાવે છે કોંગ્રેસ અને RJDના નેતાઓ

। કેદારનાથ, તા.૧૫ ।

બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડેમોગ્રાફીનો મુદ્દો ઉઠાવ્યો છે. વડાપ્રધાન મોદીએ આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) પૂર્ણિયાથી રાષ્ટ્રીય જનતા દળ(RJD) અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. જાહેર સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને કહ્યું હતું કે, ઘૂસણખોરોને કોંગ્રેસ અને ઈન્નઢના નેતાઓ બચાવે છે. જે કોઈ ઘૂસણખોર છે તેને બહાર જવું પડશે. જેમાં ઘૂસણખોરીને રોકવાની RJDની દ્રઢ જવાબદારી છે.

#### કરોડો રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર

## કરોડો ડમી નામ દુર કરવા માટે કવાયત હાથ ધરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે જીવનરેખા તરીકે કામ કરતા રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર આવ્યા છે. ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તપાસ બાદ રેશનકાર્ડની પ્રક્રિયાને પારદર્શક બનાવવા અને નકલી કાર્ડ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે, ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તાજેતરમાં નવી માર્ગદર્શિકા બહાર પાડી છે, જે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે. આની સીધી અસર કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર પડશે. હવે કાર્ડધારકોને માત્ર ઘઉં અને ચોખા જ નહીં, પણ મીઠું, બાજરી અને રસોઈ તેલ જેવી વસ્તુઓ પણ મળશે. ઘણા રાજ્યોમાં આ મફત હશે, જ્યારે કેટલીક જગ્યાએ તેમને સબસિડીવાળા દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સાથે સંકળાયેલા પરિવારોને ગેસ સિલિન્ડર પર ડિસ્કાઉન્ટ અથવા મફત સુવિધા પણ મળી શકે છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પહેલા પ્રતિ વ્યક્તિ ૫ કિલો ઘઉં અને ચોખા ઉપલબ્ધ હતા, હવે તેને વધારીને ૭-૭ કિલો કરવાની યોજના છે. આનાથી મોટા પરિવારોને રાહત મળશે અને પોષણ સ્તરમાં સુધારો થશે.

#### રશિયામાં રેલવે લાઈન પર બોમ્બથી હુમલો, ૩નાં મોત

## યુક્રેને રશિયાની ટોચની ઓઈલ રિફાઈનરી પર ડ્રોન હુમલા કર્યા

। (એજન્સી) મોસ્કો તા.૧૫ ।



યુક્રેને રશિયા પરના હુમલા ફરી એક વાર તીવ્ર બનાવ્યા છે. રશિયાની સૌથી મોટી રિફાઈનરીઓ પર યુક્રેને ડ્રોન હુમલા કર્યા હતા, જેના પગલે રીફાઈનરીઓમાંથી ભયંકર આગ લાગી હતી. રશિયા અને યુક્રેનના લશ્કર દ્વારા આ હુમલા બાબતે પુષ્ટિ કરવામાં આવી છે. યુક્રેને રશિયાના ઉત્તરપશ્ચિમી લેનિનગાર્ડ પ્રાંતમાં આવેલી કિરિશિ રિફાઈનરી પર હુમલા કર્યા હતા.રશિયાને યુદ્ધ લડવાના નાણાં ક્રૂડ ઓઈલમાંથી મળતા હોવાનું યુક્રેને અગાઉ જાહેર કરેલું છે. યુદ્ધમાં રશિયાની ક્ષમતા ઘટાડવા આ હુમલા કર્યા હતા. હુમલાનો ભોગ બનેલી રીફાઈનરીમાંથી રોજના ૩,૫૫૦૦૦ બેરલ ક્રૂડ ઉત્પન્ન કરવામાં આવે છે અને રશિયાની ત્રીજા ક્રમની સૌથી મોટી રીફાઈનરી છે.ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં ડ્રોન હુમલા સૌથી મોટું હથિયાર બન્યા છે. ગત સપ્તાહે રશિયાના ડ્રોન પોલેન્ડમાં ઘૂસી ગયા હતા અને યુક્રેનની સરહદો પર વિનાશ વેર્યો હતો. હવે યુક્રેને રશિયાની આર્થિક કમર તોડી નાખવા ડ્રોનનો ઉપયોગ કર્યો છે. પર હુમલા બાદ યુક્રેને રીફાઈનરીના ફોટોગ્રાફ શેર કર્યા હતા જેમાં રીફાઈનરીમાં લાગેલી આગ અને ધુમાડા જોવા મળે છે. રશિયાએ દાવો કર્યો હતો કે, યુક્રેનના ત્રણ ડ્રોન તોડી પડાયા હતા. આ હુમલામાં કોઈને ઈજા થઈ નથી અને આગ પર કાબૂ મેળવી લેવાયો છે. યુક્રેનના ૮૦ ડ્રોન દ્વારા આ હુમલો થયો હતો.

#### વૃદ્ધા પંજાબી દાદી તરીકે જાણીતા હતા

## અમેરિકામાં 33 વર્ષથી રહેતા શીખ વૃદ્ધાની અટક કરાતા લોકોમાં આક્રોશ

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૧૫ ।

અમેરિકાના કેલિફોર્નિયા ઈસ્ટ બેમાં છેલ્લા ૩૩ વર્ષથી રહેતા શીખ વૃદ્ધિની અટકાયતને લઈને સમુદાયના લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. ત્રણ દાયકાથી વધુ સમયથી યુએસમાં રહેતા આ વૃદ્ધાની યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ (આઈસીઈ) એ અટક કરી હતી. હરજીત કૌર ૧૯૯૨માં બે સંતાનોના સિંગલ મધર તરીકે ભારતથી અમેરિકા ગયા હતા. યુએસમાં હરક્યુલીસ વિસ્તારમાં તેઓ પંજાબી દાદી તરીકે વધુ જાણીતા બન્યા હતા.પંજાબી દાદીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તેમજ તેઓ તમામ નિયમોનું પાલન કરતા હોવા છતાં ૯ સપ્ટેમ્બરના રોજ સેન ફ્રાન્સિસ્કોમાં તેમની ધરપકડ કરાઈ હતી. કૌરની ધરપકડ બાદ કોન્ટ્રા કોસ્ટા કાઉન્ટીમાં અલ સોબ્રાંતે ખાતે લોકોના ટોળા એકત્રિત થયા હતા અને તેમણે 'દાદીને મુક્ત કરો' સહિતના સૂત્રો સાથે પોસ્ટર્સ દર્શાવી વિરોધ કર્યો હતો. કૌરને કસ્ટડીમાં લેવાતા શીખ સમાજ સહિત પ્રવાસી ભારતીયોએ પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો. અલ સોબ્રાંતેમાં ગુરુદ્વારા નજીક આશરે ૨૦૦ લોકોનું ટોળું એકત્ર થયું હતું અને તેમણે દાદીને મુક્ત કરવા માગ કરી હતી.

#### વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની શક્યતા

## GST બાદ મિડલ ક્લાસને વધુ એક રાહતની શક્યતા

। (એજન્સી)નવી દિલ્હી, તા.૧૫ ।




રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. નિકાસ ઓર્ડર અને સરકારી ખર્ચમાં ઘટાડાના કારણે જીડીપી ગ્રોથમાં ઘટાડાની ભીતિ વચ્ચે આ પગલું લેવામાં આવી શકે છે. વ્જીમાં ઘટાડા બાદ મીડલ ક્લાસને રેપો રેટમાં પણ રાહત મળવાની શક્યતા છે. જેનાથી ખિસ્સા પર બોજો ઘટશે અને માગ વધશે. એચએસબીસી ગ્લોબલ રિસર્ચે પોતાના રિપોર્ટમાં આ અંગે જણાવ્યું હતું કે,અનાજનું મજબૂત ઉત્પાદન, ચોમાસુ સારૂ રહેતાં ગ્રામીણ વપરાશમાં વધારો, પર્યાપ્ત ભંડાર, ક્રૂડના ભાવોમાં ઘટાડો અને ચીનમાંથી સસ્તી નિકાસના કારણે ફુગાવો નીચો રહેવાનો આશાવાદ છે. જેથી આરબીઆઈ વ્યાજના દરોમાં ૦.૨૫ ટકા (૨૫ બેઝિસ પોઈન્ટ)નો ઘટાડો કરી શકે છે. ઉલ્લેખનીય છે, આરબીઆઈએ આ વર્ષમાં રેપો રેટ ફેબ્રુઆરીથી અત્યારસુધીમાં કુલ ૧૦૦ બેઝિસ પોઈન્ટ ઘટાડ્યો છે. આરબીઆઈએ છેલ્લા દોઢ વર્ષથી રેપો રેટ ૬.૫ ટકા પર સ્થિર રાખ્યા બાદ આ વર્ષે ફેબ્રુઆરીથી ઘટાડો કરવાની શરૂઆત કરી હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં રેપોરેટ ૦.૨૫ ટકા ઘટાડ્યો હતો. બાદમાં એપ્રિલમાં વધુ ૦.૨૫ ટકા અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો લાગુ કર્યો હતો. આ સાથે હાલ ૫.૫ ટકા રેપો રેટ લાગુ છે.

#### આ મેચથી પાકિસ્તાનને ૧૦૦૦ કરોડનો ફાયદો થયો

## સંજય રાઉતનો ચોંકાવનારો દાવો, ભારત-પાકિસ્તાન મેચ ફિક્સ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે દુબઈમાં રમાયેલી ક્રિકેટ મેચને લઈને દેશમાં રાજકીય હંગામો જોવા મળી રહ્યો છે. આ વચ્ચે ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે દાવો કર્યો કે આ મેચ ફિક્સ હતી. આ મેચથી પાકિસ્તાનને ૧૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો. શિવસેના (યુબીટી) ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સોમવાર (૧૫ સપ્ટેમ્બર) એ પત્રકાર પરિષદ યોજી કહ્યુ- મેચ રમાવી સરકારની નિર્લજતા છે. દુબઈ, અબૂધાબી, ગમે ત્યાં મેચ રમાઈ હોઈ. જો ભારત-પાકિસ્તાન મેચ રમાઈ તો આ આપણી સેનાનું, શહીદોનું, મહિલાઓનું અપમાન છે. મેચ રમવાથી શું સિંદૂર પરત આવશે? તેમણે કહ્યુ, મેચ થવાથી ૧૦૦૦ કરોડ રૂપિયા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મળ્યા છે. દોઢ લાખ કરોડ રૂપિયાનો સટ્ટો લાગ્યો. મેચ ફિક્સ હતી. તેમાંથી ૫૦ હજાર કરોડ રૂપિયા પાકિસ્તાનને ગયા. સંજય રાઉતે કહ્યુ, આઈએમએફ અને એશિયન ડેવલોપમેન્ટ બેંકને તમે કહ્યું લોન ન આપો.

#### ટ્રેડ ડીલ પર ચર્ચા માટે ટ્રમ્પની ખાસ ટીમ દિલ્હીમાં

## ટેરિફ મુદ્દે ભારત-અમેરિકા વચ્ચે સમાધાનની સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।




ભારત અને અમેરિકા વચ્ચે ફરી વેપાર કરાર મુદ્દે ચર્ચાઓ શરૂ થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકાના અધિકારીઓની ટીમ આજે ૧૫ સપ્ટેમ્બરે સોમવારે રાત્રે ભારત આવી રહ્યા છે. તેઓ ક્યાં મુદ્દે ચર્ચાઓ કરવાના છે, તેની હાલ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. એક સરકારી અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકાના વાર્તાકાર અને નેગોશિએટર ભારત પહોંચી રહ્યા છે. આવતીકાલે મંગળવારે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મુદ્દે ચર્ચા થવાની છે. ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ મુદ્દે પણ ચર્ચા થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહને અનેક અમેરિકન સાંસદો સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો મુદ્દે ચર્ચા કરી હતી. તેમણે ગત શુક્રવારે ટ્વિટરના માધ્યમથી આ અંગે માહિતી આપી હતી. પ્રતિનિધિ સભાના સભ્ય જેમ્સ મોયલાને ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર અને ઉર્જા સહયોગમાં તાજેતરના ઘટનાક્રમો પર માહિતી આપવાની તક મળી હતી. તેમણે જણાવ્યું કે, અમે હિંદ-પેસેફિક ક્ષેત્રમાં અંગત હિતો મુદ્દે વિચારણા કરી છે. વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી યુક્રેન સંઘર્ષના સમાધાન માટે ભારતના સમર્થનની વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.







તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા સેકટર-૭ માં ઘન કચરો અને પ્રવાહી કચરાને ડમ્પીંગ સાઈડ નિયત કરવામાં આવેલ છે જેમાં આ વિસ્તારમાં અતિશય દુર્ગંધ મારે છે અને આરોગ્યને હાનિકારક હોઈ તેના શ્રી રામ એવન્યુ, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, શાકભાજીના વેપારીઓ, શોપિંગ સેન્ટરના વેપારીઓ અને સ્થાનિક વસાહતીઓના અંદાજે ૨૦૦ નાગરિકો ધ્વારા રૂબરૂ મળેલ રજુઆત સંદર્ભે રજુઆત... ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા સેકટર-૭ માં ઘન કચરો અને પ્રવાહી કચરાની ડમ્પીંગ સાઈડ દૂર કરવા અંગે પ્રેસ નોંટ...

# ગોંડલમાં એસ.ટી. બસમાંથી યુવકનું અપહરણ થયું

। (એજન્સી) ગોંડલ, તા.૧૫ ।

ગોંડલ નેશનલ હાઈવે પર ભોજપરા ગામ પાસેથી પસાર થઈ રહેલી એક એસ.ટી. બસમાંથી એક યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગોંડલ તાલુકા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને અપહરણ થયેલા યુવકને સુરક્ષિત છોડાવીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ઘટના અંગે એસ. ટી. બસના ડ્રાઈવરે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી અને ઉપલેટા ભાયાવદરના વડેખણ ગામેથી અપહરણકર્તાઓ પાસેથી યુવકને મુક્ત કરાવ્યો હતો. અપહરણ કરાયેલા યુવકનું નામ સંજય સામંતભાઈ મુછાર (ઉં.વ. ૨૨) છે. જે એસઆરપી જવાન છે. તેને એક સ્કોર્પિયો ગાડીમાં અપહરણ કરવામાં આવ્યા હતા. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓ રવિ ઈશાભાઈ મુછાર, મૂકેશ રામભાઈ ઓડેદરા, મનીષ અરજણભાઈ મોઢવાડિયા (રહે. પોરબંદર) અને લાલા બધાભાઈ મોરી (રહે. ધોરીયા નેસ, જામનગર)ની ધરપકડ કરી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે અપહરણમાં વપરાયેલી સ્કોર્પિયો કાર અને મોબાઈલ ફોન સહિત કુલ ૧૧,૧૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અપહરણ થયેલા એસઆરપી જવાન સંજયની બહેન સાસરીમાં હતી અને ત્યાંથી ગુમ થઈ ગઈ હતી. આ બાબતે સાસરી પક્ષના લોકોએ સંજયનું અપહરણ કર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. જેથી અપહરણ પાછળના સાચા કારણો અને અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી હોય તો તે બહાર આવી શકે.

### બીજા બિલ્ડરે આપી હતી હત્યાની સોપારી

# પાટીદાર અગ્રણી-બિલ્ડરની મર્સિડીઝમાંથી લાશ મળી

### તીક્ષ્ણ હથિયારથી મોતને ઘાટ ઉતારી મૃતદેહ ગાડીમાં વિરાટનગર બ્રિજ નીચે મુકી દીધો, ત્રણની ધરપકડ કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદમાં જાણીતા બિલ્ડર અને પાટીદાર અગ્રણી હિંમત રૂડાણીની હત્યાનો સનસનીખેજ ખુલાસો થયો છે. આ હત્યામાં બીજા બિલ્ડરની સંડોવણી બહાર આવી છે. બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની આ હત્યામાં સંડોવણી ખૂલી છે. ૧૩ સપ્ટેમ્બરની મોડીરાત્રે વિરાટનગર બ્રિજ નીચેથી ઠક્કરનગર બ્રિજ પાસે આવેલી કૈલાસધામ વિભાગ ૧માં રહેતા પાટીદાર અગ્રણી અને બિલ્ડર હિંમતભાઈ રૂડાણીની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરેલી લાશ મળી આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોનની ઓફિસની સામેના ભાગે વિરાટનગર બ્રિજની નીચેથી સફેદ કલરની એક મર્સિડીઝ કાર તરફ લોકોનું ધ્યાન ગયું હતુ. કારણ કે આ કારમાંથી દુર્ગંધ આવી રહી હતી. રાતના




સમયે લોકોએ જોયું તો કારમાં કોઈ વ્યક્તિનો મૃતદેહ પડ્યો હતો. તેથી લોકોએ પોલીસને જાણ કરી હતી.

પોલીસે તપાસ કરી તો ગાડીમાં કોઈ અજાણી વ્યક્તિનો મૃતદેહ મૂકાયો હતો. તેમનો મૃતદેહ ગાડીના ડેકીમાં મૂકાયો હતો. ગાડીમાંથી દુર્ગંધ આવી રહી હતી. પોલીસે તપાસ કરતા મૃતદેહ હિંમત રુડાણી નામના શખ્સનો હોવાનું જાણવા મળ્યું. તપાસમાં સામે આવ્યું કે, તેઓ બિલ્ડર છે અને પાટીદાર સમાજના અગ્રણી છે. બિલ્ડર હિંમત રુદાણીની તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નિપજવામાં આવી છે. હત્યા કરીને લાશ તેમના જ મર્સિડીઝમાં મૂકાઈ હતી અને ગાડી વિરાટનગર બ્રિજ પાસે પાર્ક કરી દેવાઈ હતી.

ઓઢવ પોલીસે ગણતરીના કલાકોમાં બિલ્ડરની હત્યાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકી દ્વારા બિલ્ડર હિંમત રૂડાણીની હત્યાનું કાવતરું રચવામાં આવ્યું હતું. ઓઢવ પોલીસે બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની પણ પૂછપરછ શરૂ કરી છે. બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા માટે ઝડપાયેલ ૩ આરોપીને બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકીએ સોપારી આપી હતી.

### ૬૦૦ જેટલા વીજ પોલ ઊભા કરી કરી દેવાયા છે

# બનાસકાંઠામાં ૨૯૪ ગામોમાં વીજ પુરવઠો પુર્વવત્ પુનઃસ્થાપિત કર્યો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૫ ।

બનાસકાંઠા જિલ્લામાં થયેલા અતિભારે વરસાદને કારણે સરહદી વિસ્તારોમાં આવેલા અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જિલ્લા કલેક્ટર મિહિર પટેલ અને જિલ્લા વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ યુટિલિટી વિભાગની UGVCL ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. અવિરત રાત-દિવસના પરિશ્રમ બાદ જિલ્લાના અસરગ્રસ્ત ૨૯૪ ગામોમાં આજે વીજ પુરવઠો પુર્વવત્ પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. હાલ માત્ર ૩ ગામોમાં જ કાર્ય પ્રગતિ પથ પર છે, જ્યાં ઝડપથી વીજ પુરવઠો શરૂ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે UGVCLના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરાયેલા અવિરત પરિશ્રમને અભિનંદન પાઠવ્યા છે તથા વરસાદી આફત વચ્ચે લોકો સુધી ઝડપથી સુવિધાઓ પહોંચાડવા માટેના સંકલ્પને બિરદાવ્યો છે. અધિક્ષક ઈજનેર વી.બી.બોડાતે જણાવ્યું કે સરહદી વિસ્તારમાં ૨૯૭ ગામોમાં વીજ પૂરવઠો પૂર્વવત કરાયો છે. ત્રણ ગામો કે જ્યાં પાણી ભરાયેલ છે ત્યાં સત્વરે કામ પૂર્ણ કરવામાં આવશે. નડાબેટ ઝીરો બોર્ડર સુધી વીજ પુરવઠાની કનેક્ટિવિટી ચાલુ કરી દેવાઈ છે. ૨૫ BOP ખાતે વીજ પૂરવઠો પૂર્વવત કરાયો છે. ૩ BOP જે વોટર લૉગિંગ છે ત્યાં ઝડપથી વીજ પૂરવઠો શરૂ કરવામાં આવશે. અસરગ્રસ્ત વિસ્તારમાં કુલ ૧૮૬૩ વીજ પોલ તૂટી પડ્યા હતા. જેમાંથી ૬૦૦ જેટલા વીજ પોલ ઊભા કરી કરી દેવાયા છે. ૧૨૬૩ વીજ પોલ બાકી છે એમાં વોટર લોગીંગ સિવાયના વીજપોલ આજ સાંજ સુધીમાં ઊભા કરી દેવામાં આવશે.

### ડેમમા ઉપરવાસ આવકમા નોંધ પત્ર વધારો

# તાપીનો ઉકાઈ ડેમ ૯૦ ટકા ભરાઈ જતા હાઈ એલર્ટ પર

### આ આવક ભારે વરસાદને કારણે વધી છે, જે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાંથી આવી રહી છે

। (એજન્સી) તાપી, તા.૧૫ ।

તાપી જિલ્લાની જીવાદોરી ઉકાઈ ડેમમાં ભારે વરસાદને કારણે પાણીની આવક વધી છે, જેના કારણે ડેમ ૯૦% જેટલું ભરાઈ ગયું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ડેમને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યું છે અને સ્થાનિક વહીવટને સૂચના આપવામાં આવી છે. ઉકાઈ ડેમ દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાય છે, જે સુરત, નવસારી,વલસાડ,તાપી અને ભરુચ જિલ્લાઓને પીવાનું પાણી,સિંચાઈ અને ઉદ્યોગો માટે પાણી પૂરું પાડે છે. આવી સ્થિતિમાં ડેમનું સંપૂર્ણ ભરાવું ખેડૂતો અને લોકો માટે ખુશીના સમાચાર છે, પરંતુ વધુ પાણીની આવકને કારણે પૂરની શક્યતા વધી છે. ડેમની જળસપાટી ૩૪૦.૮૨ ફૂટ પર પહોંચી ગઈ છે. ડેમની ભરાઈ લેવલ (FRL) ૩૪૫ ફૂટ છે, જેના કારણે હાલ ૯૦% જેટલું પાણી સંગ્રહ થયું છે. આ સ્તરે પહોંચતા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ડેમના ઉપરવાસમાંથી ૫૭,૫૬૩ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ આવક ભારે વરસાદને કારણે વધી છે, જે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાંથી આવી રહી છે.પાણીની જાવકઃ હાલ ડેમના અધિકારીઓ દ્વારા હાઈડ્રો પાવર પ્લાન્ટ મારફતે ૨૨,૬૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જો આવક વધુ વધી તો વધુ દરવાજા ખોલીને પાણી છોડવું પડશે, જે તાપી નદીમાં પૂરનું જોખમ વધારી શકે છે. ડેમ સત્તાધીશો દ્વારા હાઈ એલર્ટ જાહેર કરતાં તાપી કલેક્ટરને જાણ કરવામાં આવી છે.તલાટીઓ,પોલીસ અને NDRF ટીમોને તૈયાર રાખવામાં આવ્યા છે.નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની તૈયારીઓ ચાલી રહી છે. વહીવટે લોકોને અપીલ કરી છે કે તાપી નદીના કાંઠે જવાનું ટાળે અને વરસાદી માહોલમાં સાવચેતી રાખે.ડેમનું સંપૂર્ણ ભરાવું દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે રબી અને ઉગતી ખેતી માટે આશીર્વાદરૂપ છે. ગત વર્ષો ઉકાઈ સતત સંપૂર્ણ ભરાયો હતો, તેમ આ વર્ષે પણ ૧૦૦% સ્તર પહોંચવાની શક્યતા છે, જેથી આખું વર્ષ પીવાનું પાણી અને સિંચાઈની ચિંતા નહીં રહે. સુરત મહાનગર પાલિકા અને અન્ય વહીવટી એકમોને પણ પાણીની પુષ્કળતા મળશે. જો કે, વધુ વરસાદ પડવાની આગાહીને કારણે તંત્ર સાવધાન છે.આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે તાપી અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

### કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો

# જામનગરમાં ભેળસેળયુક્ત ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ

### તંત્ર દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘીનું ઉપાદન કરતી ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીમાં તપાસ હાથ ધરી હતી

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળ પર ઘીની રેડ કરવામાં આવી રહી છે. ત્યારે ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેડીંગમાં તંત્ર દ્વારા તપાસણી દરમિયાન સોયાબીન-વનસ્પતિની ભેળસેળ પકડી પાડવામાં આવી હતી. જેમાં શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો છે. ભેળસેળિયા તત્ત્વો દ્વારા મોટા ભાગે ઘીમાં ખાસ પ્રકારનું રિફાઈન્ડ પામ તેલને મુખ્ય ઘટક તરીકે વાપરતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

જેનું ટેક્સ્ચર ઘીને મળતું આવતું આવે છે. આથી તે શંકાસ્પદ જણાઈ આવતાં તેના ઉત્પાદન અંગેની માહિતી એકત્ર કરી અધિકારીઓ દ્વારા આવું ભેળસેળ કરનારા અને તેમની દરેક કડીઓની તપાસ કરતાં તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો. એચ.ડી.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે ભારત ફૂડસ કો-ઓપરેટીવ વિ.-ગાંધીધામ ખાતેથી ચાર નમુના અને ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેકિંગમાંથી ચાર નમૂના એમ કુલ ૬ નમુના તંત્રના દરોડામાં લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. બાકીનો આશરે ૧૦ ટનથી વધુનો જથ્થો કે જેની કિંમત આશરે રૂ ૧.૪૦ કરોડ જેટલી થાય છે, તે જાહેર જનતાના રિફાઈન્ડ પામ તેલ, ને આરોગ્યની સલામતી માટે જપ્ત કરી ઘી માં ભેળસેળ થતી અટકાવવામાં આવી છે.

તંત્ર દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘીનું ઉપાદન કરતી ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તંત્ર દ્વારા સ્થળ પરથી ઘી માં સોયાબીન અને વનસ્પતિનું ભેળસેળ કરતા ઈસમોને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જેના આધારે આ એકમના વેપારી ભરતભાઈ ખિમસુરિયાની હાજરીમાં વનસ્પતિના ૩ અને સોયાબીન તેલના એક એમ કુલ ૪ નમૂના લેવામાં આવ્યા છે.

જ્યારે બાકીના બે ટન જેટલા ખાદ્ય પદાર્થ કે જેની અંદાજીત કિંમત રૂ. ૩.૩ લાખ જેટલી થવા જાય છે, તે જથ્થો જાહેર જનતાના આરોગયના હિતમાં સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યો છે.વધુમાં તંત્ર દ્વારા મે. ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. અને પૃથ્થકરણ માટે મોકલેલા સેમ્પલ નો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે બાકીના બે ટન જેટલા ખાદ્ય પદાર્થ કે જેની અંદાજીત કિંમત રૂ. ૩.૩ લાખ જેટલી થવા જાય છે, તે જથ્થો જાહેર જનતાના આરોગયના હિતમાં સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યો છે.વધુમાં તંત્ર દ્વારા મે. ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. અને પૃથ્થકરણ માટે મોકલેલા સેમ્પલ નો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### AMCની બેદરકારીથી દંપતીના મોતનો કેસ

# નારોલ પોલીસે AMCના અધિકારી સહિત ૫ લોકોની કરી ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરમાં ચાલુ ચોમાસાની સીઝનમાં amcની અનેક બેદરકારી સામે આવી છે જેના કારણે નિર્દોષનો ભોગ લેવાયો છે, ત્યારે નારોલમાં ૨ દિવસ પહેલા વરસાદી પાણીમાં કરંટ લાગવાથી દંપતીના મોત મામલે ફરિયાદ નોંધાતા છસ્ઝના કર્મચારી સહિત ૫ લોકો આવી ગયા છે પોલીસ સકંજામાં. નારોલ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. થોડા સમય અગાઉ નારોલ વિસ્તારમાં રાત્રીના સમયે મટન ગલીમાં એક દંપતી પોતાના મોપેડ પર જઈ રહ્યું હતું ત્યારે રોડ પર ખાડા હતા અને તેમા વરસાદી પાણી ભરાયેલા હતા જેમાં વીજ કરંટ લાગવાના કારણે દંપતીનું સ્થળ પર મોત નિપજ્યું હતું. આ મામલે નારોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. હાલમાં પોલીસે નિશાંત એન્ટર પ્રાઈઝ નામની કંપનીના કોન્ટ્રાકટર સૈયદ ઝહિર અને તેની કંપનીના ૨ એન્જિનિયર અજય પરમાર અને નયન કાપડિયાની ધરપકડ કરી છે, તો AMCનાં બે એન્જિનિયર જીગ્નેશ ગામીત અને પંકજ મચ્છારની ધરપકડ કરી છે. હાલમાં પોલીસે તમામની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બનાવ સમયે સ્ટ્રીટ પોલ પડેલી હાલતમાં હતો અને તેના વીજળીના વાયરો ખુલ્લા હતા, સ્ટ્રીટ પોલ રિપેર અને મેઈન્ટેનસની કામગીરી આ કંપનીને સોંપવામાં આવી હતી અને આ કંપની દ્વારા જે કામગીરી કરવાની હોય તેનું સુપરવિઝન કોર્પોરેશનના બંને એન્જિનિયર ને કરવાનું હોય છે તમામ બેદરકારી દાખવી હતી જેના કારણે દંપતીનું મોત થયું હોવાના કારણે પોલીસે ફરિયાદ નોંધી તમામની ધરપકડ કરી છે. હાલમાં પોલીસે આ મામલે તમામને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા કવાયત શરૂ કરી છે તો બીજી તરફ આ તમામ આરોપીઓ વિરૂદ્ધ પુરાવા એકત્ર કરવા પણ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે આ પ્રકારે જેટલી પણ જગ્યાએ મનપાના કર્મચારીઓની બેદરકારી છતી થઈ છે તેમાં ફરિયાદ નોંધવામાં આવે તો નિર્દોષોનાં જીવ બચી શકે.

### માલધારી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું

# ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા ઘેટા-બકરા ચરાવતા યુવકનું મોત

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।

જામનગરઃ બેરાજા ગામે ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા માલધારી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જેને લઈને વાડી માલિક સામે પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર બેરાજા ગામની સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં ઘેટા-બકરા ચરાવતી વેળાએ દુર્ઘટના સર્જાઈ હતી. વાડી વિસ્તારમાં ખેતરના શેઢે યુવાનને વીજશોક લાગ્યો હતો, જે જીવલેણ નિવડતા પરિવારજનોમાં અરેરાટી મચી છે. બીજી બાજુ ખેતરની ફરતે ફેન્સીંગ લગાવનાર ખેડૂત સામે પોલીસે બેદરકારી દાખવવા અંગે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરના બેરાજા ગામની સીમમાં તા. ૧૨, સપ્ટેમ્બર ૨૦૨૫ને શુક્રવારે બપોરના આશરે દોઢેક વાગ્યાની આસપાસ બેરાજા ગામે રહેતા ૩૨ વર્ષીય ભુપતભાઈ હરજીભાઈ ઢુંગા નામનો માલધારી યુવાન ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં ઘેટા બકરા ચરાવવા ગયો હતો. જ્યાં ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં બેરાજા ગામમાં રહેતા કનુભા ઉર્ફે ભીખુભા રામસંગ રાઠોડે કપાસનું વાવેતર કર્યું હતું. તે ખેતરમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

ગૌચરની જમીનમાં કપાસના વાવેતર કરાયા બાદ પાકના રક્ષણ માટે ખેતરના શેઢાની ફરતે ઈલેક્ટ્રીક શોકના વાયર ફીટ કર્યાં હતાં. ઈલેક્ટ્રીક વીજ વાયર દ્વારા ખુલ્લામાં શોર્ટ મુકવાથી માનવ અને પશુ મૃત્યુ અંગે જાણકારી હોવા છતાં આરોપીએ વાયરમાં વીજ શોક ચાલુ રાખ્યો હતો. જેથી વાયરને અકસ્માતે અડકી જતાં ભુપતભાઈ હરજીભાઈ ઢુંગાને ઈલેક્ટ્રીક શોક લાગ્યો હતો. જે જીવલેણ નીવડતા તેનું મોત નિપજ્યું છે.

### જોરદાર અવાજે ડીજે વગાડીને ભયનો માહોલ ઊભો કર્યો

# બોરસદમાં અસામાજિક તત્વોએ તલવારો સાથે બર્થ-ડેની ઉજવણી કરી

। (એજન્સી) આણંદ, તા.૧૫ ।

આણંદ જિલ્લાના બોરસદમાં અસામાજિક તત્વોએ મધ્યરાત્રિએ ખુલ્લી તલવારો સાથે ડીજે વગાડીને આતંક મચાવ્યો હતો. આ ઘટનામાં પોલીસે આઠ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. આ મામલો ધારાસભ્યની ઓફિસ નીચે જ બનતા ભારે ચકચાર મચી ગઈ છે. કેટલાક લુખ્ખા તત્વો દ્વારા આણંદ ચોકડી પાસે ખુલ્લી તલવારો અને તીક્ષ્ણ હથિયારો લહેરાવીને બર્થ-ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ શખ્સોએ મોડી રાત્રે ફટાકડા ફોડીને અને જોરદાર અવાજે ડીજે વગાડીને ભયનો માહોલ ઊભો કર્યો હતો.

આ ઘટના ધારાસભ્યની ઓફિસની બરાબર નીચે જ બનતા પોલીસની કામગીરી પર પણ સવાલો ઊભા થયા છે. બોરસદ ટાઉન પોલીસે આ મામલે કડક કાર્યવાહી હાથ ધરી છે અને આઠ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે. આ આરોપીઓમાં હર્ષદ રમેશભાઈ પટેલ (ઉર્ફે મેમ્બર), દીપલ (ઉર્ફે હેલિકોપ્ટર ઉર્ફે કાનાભાઈ), કોકો ભાસ્કરભાઈ રાવ, સતિષભાઈ પટેલ, હરદીપસિંહ બાબુભાઈ પઢીયાર, સ્વપ્રિલ નિલેશભાઈ ચાવડા, અંકુરભાઈ જયંતીભાઈ પટેલ અને ઉજ્જવલ અલ્પેશભાઈ પટેલનો સમાવેશ થાય છે. જોકે આ સમગ્ર ઘટનામાં એક ચોંકાવનારો ખુલાસો પણ થયો છે. વાયરલ થયેલા વીડિયોમાં તલવાર લહેરાવતો સ્પષ્ટ દેખાઈ રહ્યો હોવા છતાં તેનું નામ આરોપીઓની યાદીમાં નથી. આ બાબતથી પોલીસની કાર્યવાહી પર શંકા ઊભી થઈ છે. પોલીસે તલવાર લહેરાવતા યુવકને FIRમાંથી કેમ બાકાત રાખ્યો તે અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા કર્યા છે. લોકોની માંગ છે કે પોલીસ દ્વારા આ મામલે ન્યાયી અને કડક કાર્યવાહી કરવામાં આવે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### માંઝીએ બિહાર ચૂંટણી વચ્ચે એનડીએનું ટેન્શન વધાર્યું

। (એજન્સી) બધગયા, તા.૧૫ ।

રવિવારે બોધગયા ખાતે પોતાના નિવાસસ્થાન પર પત્રકારો સાથે વાત કરતા કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચા (સેક્યુલર) ના પ્રમુખ જીતન રામ માંઝીએ આગામી બિહારની વિધાનસભા ચૂંટણીઓ અંગે મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે આ વખતે અમારી પાર્ટીનું લક્ષ્ય કોઈપણ કિંમતે માન્યતા પ્રાપ્ત પાર્ટી બનવાનું છે. એના માટે, પાર્ટી ઓછામાં ઓછી આઠ બેઠકો જીતે અને કુલ મતોના છ ટકા મેળવે તે જરૂરી છે. માંઝીએ કહ્યું કે વ્યવહારીક રીતે આ ત્યારે જ શક્ય છે જો અમને NDA ગઠબંધનમાં ૧૫ બેઠકો આપવામાં આવે, કારણ કે બધી બેઠકો જીતવી શક્ય નથી. જીતન રામ માંઝીએ સ્પષ્ટ ચેતવણી પણ આપી હતી કે જો અમારી પાર્ટીને સન્માનજનક બેઠકો નહીં આપવામાં આવે, તો હિન્દુસ્તાની આવામ મોરચા એકલા ચૂંટણી લડશે અને સો બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. તેમણે દાવો કર્યો હતો કે દરેક વિધાનસભા મતવિસ્તારમાં તેમની પાસે ૧૦-૧૫ હજાર મતદારો છે અને આ આધારે તેઓ ચૂંટણીમાં એકલા 6% મત મેળવી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે પાર્ટીની રચના થયાને દસ વર્ષ થઈ ગયા છે અને અત્યાર સુધી માન્યતા પ્રાપ્ત પાર્ટી રહેવું તેમના માટે અપમાનજનક છે. તેથી, આ વખતની ચૂંટણી તેમના માટે "કરો યા મરો" જેવી સ્થિતિ છે. NDAમાં પોતાની તાકાતનો દાવો કરતા માંઝીએ કહ્યું કે અમારો પક્ષ પૈસા ખર્ચ્યા વિના ભીડ ભેગી કરે છે, જ્યારે અન્ય પક્ષો પૈસાની મદદથી ભીડ બોલાવે છે. તેમણે કહ્યું કે NDAના નેતાઓ પણ આ વાત જાણે છે.

### હું ઈમાનદારીથી કમાવવાનું જાણું છું, હું કોઈ દલાલ નથી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઈથેનોલ અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમના ટીકાકારો પર કટાક્ષ કર્યો. ગડકરીએ કહ્યું કે મારું મગજ દર મહિને ૨૦૦ કરોડ કમાઈ શકે તેવું છે પણ નાણાકીય લાભ માટે હું ગમે તે સ્તરે નથી જવાનો. ગડકરીએ આ ટિપ્પણી ઈથેનોલ પર ચાલી રહેલી ચર્ચાની પૃષ્ઠભૂમિમાં કરી હતી. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું કે મારી પહેલ અને પ્રયોગો વિચારો દ્વારા સંચાલિત છે અને તેનો હેતુ ખેડૂતોને લાભ આપવાનો છે, વ્યક્તિગત નાણાકીય લાભ માટે નહીં. નાગપુરમાં એગ્રીકોસ વેલ્ફેર સોસાયટી દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ગડકરીએ કહ્યું, "શું તમને લાગે છે કે હું આ બધું પૈસા માટે કરી રહ્યો છું? હું ઈમાનદારીથી કમાવવાનું જાણું છું, હું કોઈ દલાલ નથી".

### માતાએ દીકરા સાથે ૧૩મા માળેથી ઝંપલાવ્યું, પતિની માગી માફી



। (એજન્સી) ગ્રેટર નોઈડા, તા.૧૫ ।

ગ્રેટર નોઈડા વેસ્ટમાં એસ સિટી સોસાયટીના ૧૩મા માળેથી સવારે પુત્રને ધક્કો માર્યા બાદ માતાએ કૂદી પડી હોવાની શંકા છે. પોલીસના જણાવ્યા અનુસાર, માતા પોતાના એકમાત્ર પુત્રની બીમારીને કારણે હતાશ થઈ ગઈ હતી અને તેણે નોકરી પણ છોડી દીધી હતી.

બિસરખ કોતવાલી પોલીસના જણાવ્યા અનુસાર, સાક્ષી ચાવલા તેના પુત્ર દક્ષ ચાવલા અને પતિ દર્પણ ચાવલા સાથે સોસાયટીમાં રહેતી હતી. મહિલાનો ૧૧ વર્ષનો પુત્ર દક્ષ ચાવલા માનસિક રીતે બીમાર હતો. સાક્ષી તેના પુત્રની બીમારીથી ચિંતિત હતી. માતા-પિતા પુત્રની તબિયત સારી રહે તે માટે ગુરુદ્વારા પણ ગયા હતા, પરંતુ તે સ્વસ્થ થયો નહીં.

બાળકને અભ્યાસ માટે શાળામાં દાખલ કરવામાં આવ્યો ન હતો. બાળક દવા પર જ હતો. શુક્રવારે પણ મહિલા પ જાબના જલંધરથી બાળક માટે દવાઓ લાવી હતી. તે ક્યારેય તેના પુત્રને એકલો છોડતી નહોતી. તે તેના પુત્રની બીમારીથી ખૂબ જ તૂટી ગઈ હતી. તે માનસિક રીતે અસ્વસ્થ હતી.

### કચરાની ગાડીમાં મૃતદેહ લઈ ગયા પરિજનો । ADM એ તપાસ બાદ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો

# શબવાહિની માંગતા નપાએ કચરાનું વાહન મોકલી દીધું



। (એજન્સી) કૌશાંબી, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લામાં બાઈક પર મૃતદેહ લઈ જવાનો મામલો હજુ શાંત થયો ત્યારે ફરી નવો વિવાદ સામે આવ્યો છે. આ દરમિયાન હાલમાં નગર પાલિકા પરિષદ ભરવાડીમાં કચરાના વાહનમાં મૃતદેહને સ્મશાન લઈ જવાનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ફોટો-વિડીયો વાયરલ થયા બાદ વહીવટીતંત્રમાં પણ હડકંપ મચી ગયો છે. પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આ મામલે ADM એ તપાસ બાદ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

હકીકતમાં આ આખો મામલો નગર પાલિકા પરિષદ ભરવાડીના વોર્ડ-૭નો છે. જ્યાં નગરપાલિકામાં કામ કરતા કર્મચારી શુભમ મિશ્રાની માતાનું આકસ્મિક નિધન થયું હતું. મૃત્યુ બાદ જ્યારે નગરપાલિકામાં શબવાહિની માંગવામાં આવી, ત્યારે કહેવામાં આવ્યું કે શબવાહિની ક્યાંક ગઈ છે. તે પછી નગરપાલિકાએ મૃતદેહને ઘરેથી સ્મશાન લઈ જવા માટે નગરપાલિકાએ કચરાનું વાહન મોકલી દીધું.

એ પછી પરિવાર મૃતદેહને કચરાના વાહનમાં સંદીપન ઘાટ સ્થિત સ્મશાન લઈ ગયો. કચરાના વાહનમાં મૃતદેહ લઈ જતી વખતે કોઈએ તેનો ફોટો ખેંચીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો. સોશિયલ મીડિયા પર ફોટો વાયરલ થતાં જ લોકોએ વિવિધ કોમેન્ટ આપી હતી. આ સંદર્ભે હિન્દુ રક્ષા સમિતિના જિલ્લા સંયોજક વેદ પ્રકાશ પાંડેએ જણાવ્યું હતું કે, આ ખૂબ જ ખરાબ કૃત્ય છે. નગર પાલિકાના EO ભરવારી અને અન્ય લોકો સંપૂર્ણપણે ભ્રષ્ટ અને તેમનામાં માનવતા મરી પરવારી છે. તેમણે એક મહિલાના મૃતદેહને કચરાના વાહનમાં સ્મશાન ગૃહમાં મોકલ્યો છે. આ મામલે દોષિત અધિકારીઓ પર કડક કાર્યવાહી થવી જોઈએ. EO રામ સિંહે કહ્યું કે, 'અમારી પાસે બે શબવાહિની છે. કચરાનું વાહન મોકલવા અંગની જાણકારી મારી પાસે નથી. શુભમ મિશ્રા અહીંનો કર્મચારી છે. કચરાના વાહનમાં મૃતદેહ લઈ જવાનો તેમનો પોતાનો નિર્ણય હતો. આમાં નગર પાલિકા વહીવટીતંત્ર, જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા કોઈ બેદરકારી રાખવામાં આવી નથી.' આ મામલે ADM ફાઈનાન્સ અને રેવન્યુ શાલિની પ્રભાકર સાથે પણ વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, ખરેખર આ ખોટું કહેવાય. હું આ અંગે EO સાથે વાત કરીશ અને લાગતા વળતાં સામે કાર્યવાહી કરવામાં આવશે.

### અમન સેહરાવત ટુર્નામેન્ટમાંથી ડિસ્કવાલિફાઈ

# વધુ એક ભારતીય રેસલર ઓવરવેટને કારણે વર્લ્ડ ચેમ્પિયનશિપથી બહાર

### પેરિસ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવતને આ ટુર્નામેન્ટમાંથી ડિસ્કવાલિફાઈ કરવામાં આવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ભારતીય આશાઓને મોટો ઝટકો લાગ્યો છે. પેરિસ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવતને આ ટુર્નામેન્ટમાંથી ડિસ્કવાલિફાઈ કરવામાં આવ્યો છે. અમન સેહરાવતનું વજન નિર્ધારિત મર્યાદાથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. તે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૫૭ કિલો વજન શ્રેણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. અહેવાલો અનુસાર, કુશ્તીબાજ અમન સેહરાવતનું વજન ૧ કિલો અને ૭૦૦ ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. નિયમો મુજબ, કુશ્તીબાજનું વજન તેની શ્રેણી સાથે બરાબર મેળ ખાતું હોવું જોઈએ. ફક્ત થોડા ગ્રામનો તફાવત તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરી શકે છે. નોંધનીય છે કે, આ કારણોસર પેરિસ ઓલિમ્પિકમાં ફાઈનલ મેચ પહેલા રેસલર વિનેશ ફોગાટને ડિસ્કવાલિફાઈ કરાઈ હતી. ત્યારબાદ ટાઈટલ મેચ પહેલા વિનેશનું વજન ૫૦ કિલો ૧૦૦ ગ્રામથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર, 'આ દુર્ભાગ્યપૂર્ણ અને આઘાતજનક છે કે અમન સેહરાવત પોતાનું વજન નિયંત્રિત કરી શક્યા નહીં. જ્યારે અમન સેહરાવતે વજન મશીન પર પગ મૂક્યો ત્યારે તેનું વજન ૧૭૦૦ ગ્રામ વધુ થઈ ગયું. આ બિલકુલ સ્વીકાર્ય નથી.' અમન સેહરાવત ૨૫ ઓગસ્ટના રોજ અન્ય ભારતીય કુશ્તીબાજો સાથે ક્રોએશિયાના ઝાગ્રેબ પહોંચ્યો હતો. તેની પાસે વજન ઉતારવા માટે પૂરતો સમય હતો. ૨૨ વર્ષીય અમન સેહરાવત છત્રસાલ સ્ટેડિયમમાં ટ્રેનિંગ લે છે. આ વખતે ભારત માટે મેડલના સૌથી મોટા દાવેદારમાંના એક તરીકે અમન સેહરાવતને ગણવામાં આવતો હતો. અમન સેહરાવત પેરિસ ઓલિમ્પિક્સ (૨૦૨૪)માં ભાગ લેનાર એકમાત્ર ભારતીય પુરુષ કુશ્તીબાજ હતો. અમને મેન્સ ફ્રીસ્ટાઈલ ૫૭ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું હતું.

### આજીવન કેદની સજા, તેણે નજીવી તકરારમાં માતાની નિર્દયી હત્યા કરી હતી

# ટીવી રિમોટ માટે ઝઘડો થતાં કળીયુગી દીકરાએ માતાની કરી હત્યા

। (એજન્સી) બર્મિંગહામ, તા.૧૫ ।



ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં પોતાની માતાની હત્યા કરનાર ભારતીય મૂળના એક વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે દોષિતે ઓછામાં ઓછા ૧૫ વર્ષ જેલમાં વિતાવવા પડશે. આ પછી જ તેના પેરોલ માટે વિચારવામાં આવશે. દોષિત સુરજીત સિંહે તેની ૭૬ વર્ષીય માતા મોહિન્દર કૌરની હત્યાની કબૂલાત કરી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અનેક વખત છરા માર્યા બાદ થયેલી ઈજાઓને કારણે કૌરનું મૃત્યુ થયું હતું. બર્મિંગહામ ક્રાઉન કોર્ટમાં સુરજીત સિંહને સજા ફટકારવામાં આવી હતી. તેણે નજીવી તકરારમાં માતાની નિર્દયી હત્યા કરી હતી. નશામાં ધૂત સિંહે ટેલિવિઝન રિમોટના વિવાદને કારણે તેની માતા પર જીવલેણ હુમલો કર્યો હતો. વેસ્ટ મિડલેન્ડ્સ પોલીસના તપાસકર્તા નિક બાર્ન્સે જણાવ્યું કે, આ નિર્દયી હત્યાના કારણે એક આખો પરિવાર વિખેરાઈ ગયો છે અને અમારી સહાનુભૂતિ તેના તમામ પીડિતો સાથે છે. પુત્ર નશાની હાલતમાં હોવાથી માતાએ તેને ઠપકો આપ્યો હતો. બાદમાં ટીવીના રિમોટ મામલે નજીવી તકરાર થઈ હતી. તેમાં પુત્રે ભાન ભૂલાવી માતા પર નિર્દયતાપૂર્વક હુમલો કરી દીધો હતો. સુરજીત સિંહ બર્મિંગહામના સોહો વિસ્તારમાં તેની વિધવા માતા સાથે રહેતો હતો. તેણે પોલીસ કસ્ટડીમાં જણાવ્યું હતું કે, 'મારો હત્યા કરવાનો કોઈ ઈરાદો નહોતો. મેં ફક્ત મારું સંતુલન ગુમાવ્યું.' પોલીસે જણાવ્યું હતું કે મોહિન્દર કૌર પર ચાકુ વડે અનેક ઘા મારવામાં આવ્યા હોવાથી મોત થયુ હતુ. કેસમાં આરોપી મળી આવ્યો હોવા છતાં હજુ સુધી સ્પષ્ટ થયુ નથી કે, તેણે કયાં ચાકુ કે ધારદાર હથિયાર વડે પોતાની માતા પર હુમલો કર્યો હતો. સુરજીત સિંહ બર્મિંગહામના સોહો વિસ્તારમાં તેની વિધવા માતા સાથે રહેતો હતો. તેણે પોલીસ કસ્ટડીમાં જણાવ્યું હતું કે, 'મારો હત્યા કરવાનો કોઈ ઈરાદો નહોતો. મેં ફક્ત મારું સંતુલન ગુમાવ્યું.' પોલીસે જણાવ્યું હતું કે મોહિન્દર કૌર પર ચાકુ વડે અનેક ઘા મારવામાં આવ્યા હોવાથી મોત થયુ હતુ. કેસમાં આરોપી મળી આવ્યો હોવા છતાં હજુ સુધી સ્પષ્ટ થયુ નથી કે, તેણે કયાં ચાકુ કે ધારદાર હથિયાર વડે પોતાની માતા પર હુમલો કર્યો હતો.



ન્યૂ ચંદીગઢમાં ભારત મહિલા અને ઓસ્ટ્રેલિયા મહિલા વચ્ચેની શ્રેણીની પ્રથમ ODI ક્રિકેટ મેચ જીત્યા બાદ ઓસ્ટ્રેલિયાની બેથ મૂની, જમણી બાજુએ બીજા સ્થાને અને એનાબેલ સધરલેન્ડ, જમણી બાજુએ ઉજવણી કરે છે.

# સ્કૂલમાં ક્લાસરૂમને જ ડ્રગ્સની ફેક્ટરી બનાવી

। હૈદરાબાદ, તા.૧૫ ।

પોલીસે હૈદરાબાદની એક ખાનગી શાળામાં ચાલી રહેલા ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો છે અને તેના ડિરેક્ટર સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. મેધા સ્કૂલના ડિરેક્ટર માલેલા જયા પ્રકાશ ગૌડેએ વર્ગખંડો અને પ્રતિબંધિત વિસ્તારોમાં નાર્કોટિક પદાર્થનો ઉપયોગ કરી અલ્પ્રાઝોલમ નામનું ડ્રગ બનાવવાની સુવિધા ઉભી કરી હતી. તેલંગાણા પોલીસની એલીટ એક્શન ગ્રુપ ફોર ડ્રગ લૉ એન્ફોર્સમેન્ટ (EAGLE) ટીમે આ ખાનગી શાળામાંથી આઠ રિએક્ટર અને ડ્રાયર્સથી સજ્જ એક કેમિસ્ટ્રી લેબ શોધી કાઢી હતી. જેમાં મોટા પાયે ડ્રગ ઉત્પાદન થઈ રહ્યું હતું. પોલીસે ૭ કિગ્રા અલ્પ્રાઝોલમનો જથ્થો, રૂ. ૨૧ લાખની રોકડ, અને ડ્રગ્સ બનાવવા વપરાતું કેમિકલ અને સાધનો જપ્ત કર્યા હતા. આ યુનિટમાં લગભગ છ મહિનાથી ડ્રગ્સનું ઉત્પાદન થઈ રહ્યું હતું. ગૌડે કથિત રીતે અઠવાડિયામાં સળંગ છ દિવસ સુધી ઉત્પાદન કરતો હતો. અને રવિવારે તેની ડિલિવરી થતી હતી. આ ખાનગી શાળામાં નીચે ગ્રાઉન્ડ તથા પહેલા માળ પર શૈક્ષણિક વર્ગો ચાલી રહ્યા હતાં. જ્યારે ઉપર બીજા માળે ડ્રગ્સનું ઉત્પાદન ધમધમી રહ્યું હતું. ગૌડ અને તેના બે સહાયકોની ધરપકડ કરવામાં આવી છે.

### બંગાળની ખાડીમાં સર્જાઇ સિસ્ટમ

# ગુજરાતમાં ફરી એક વરસાદનો રાઉન્ડ આવે તેવી સંભાવના

### આ સિસ્ટમ ધીરે ધીરે મહારાષ્ટ્ર તરફ ફંટાતા વરસાદ વરસી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ આકાર લેતાં ફરી ગુજરાતમાં વરસાદનું અનુમાન છે. આ સિસ્ટમના કારણે ખાસ કરીન દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસશે. મેઘરાજાએ રાજ્યમાં જોરદાર બેટિંગ કર્યાં બાદ હાલ મોટાભાગના વિસ્તારમાં વરસાદે લગભગ વિરામ લીધો છે. કચ્છના કેટલાક વિસ્તારમાં ગઈ કાલે વરસાદ વરસ્યો હતો. આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં છૂટછવાયો હળવો વરસાદ વરસી શકે છે. ભારે સાર્વત્રિક વરસાદની શક્યતા નહિવત છે.

બંગાળની ખાડીમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન રચાઈ રહ્યું છે. જો આ સિસ્ટમ મજબૂત બનશે તો ગુજરાતમાં ફરી વધુ એક વરસાદનો રાઉન્ડ આવે તેવી શક્યતા જોવાઈ રહી છે. આ સિસ્ટમ ધીરે ધીરે આગળ વધશે અને મહારાષ્ટ્ર તરફથી ગતિ કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. આ સિસ્ટમ મહારાષ્ટ્ર તરફ ફંટાતા મહારાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી શકે છે. આગામી ૧૫ સપ્ટેમ્બરની આસપાસ આ સિસ્ટમની અસર ગુજરાતમાં પણ વર્તાશે. જેના પગલે ૧૫ સપ્ટેમ્બરની આસપાસ ફરી ગુજરાતમાં વરસાદનો એક નવો રાઉન્ડ શરૂ થઈ શકે છે. આ સિસ્ટમ કેટલી મજબૂત બનશે તેના પર વરસાદની તીવ્રતાનો આધાર રહેશે. હવામાન વિભાગના મોડલ મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ૧૫ સપ્ટેમ્બરથી ગુજરાતમાં ફરી વરસાદની શરૂઆત થઈ શકે છે. જો કે આ રાઉન્ડમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસે તેવી શક્યતા જોવાઈ રહી છે. વલસાડ, તાપી, નવસારી, સુરત સહિત સૌરાષ્ટ્રના વિસ્તાર પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથમાં પણ આ રાઉન્ડમાં ભારે વરસાદ વરસી શકે છે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાતમાં ૧૫ સપ્ટેમ્બર સુધી વરસાદની કોઈ શક્યતા નથી. આગામી ૧૫ સપ્ટેમ્બર બાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનો રાઉન્ડ આવી શકે છે જ્યારે આ વિસ્તાર ઉપરાંત ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, પૂર્વ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ચોમાસુ વિદાય આપવાના મૂડમાં છે. જોકે, પર્વતોમાં વરસાદનો કહેર હજુ પણ ચાલુ છે. પંજાબના ઘણા ગામડાઓ હજુ પણ પૂરમાં ડૂબી ગયા છે. બીજી તરફ, જો આપણે યુપી-બિહારની વાત કરીએ, તો ત્યાં ફરીથી વરસાદનો રાઉન્ડ શરૂ થયો છે. પૂર્વી ઉત્તર પ્રદેશમાં રાતથી જ ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો થયો છે. ચાલો જાણીએ કે આજે દેશભરમાં હવામાન કેવું રહેશે.

# બિહાર ચૂંટણી અંગેના એક નવા સર્વેએ NDA ને મોટો ઝટકો આપ્યો

### આ સર્વેમાં નીતિશ કુમાર અને ભાજપની સરકાર વિરુદ્ધ એક મજબૂત સત્તા વિરોધી લહેર જોવા મળી રહી છે

। (એજન્સી) પટણા, તા.૧૫ ।

બિહાર ચૂંટણી અંગે એક નવો સર્વે સામે આવ્યો છે. વોટ વાઈબ (ફી Vibe Survey) નામની એજન્સી દ્વારા કરવામાં આવેલા આ સર્વેમાં NDA (BJP, JDU) ની ઊંઘ ઉડાડી દીધી છે. આ સર્વેમાં, બિહારમાં NDA સરકાર, ખાસ કરીને નીતિશ કુમાર વિરુદ્ધ એક મજબૂત સત્તા વિરોધી લહેર જોવા મળી રહી છે. જણાવી દઈએ કે, આ સર્વેમાં, ૫૨ ટકા પુરુષ અને ૪૮ ટકા મહિલા સેમ્પલ લેવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે, ૭૦ ટકા સેમ્પલમાં ગ્રામીણ અને ૩૦ ટકા શહેરી લોકો સાથે વાત કરવામાં આવી છે. સર્વે એજન્સીએ લોકોને પૂછ્યું કે, તમે CM નીતિશ કુમાર અને દ્રઢછ સરકારના કામકાજથી કેટલા ખુશ છો? આ પ્રશ્નના જવાબમાં, ૪૮ ટકા લોકોએ નીતિશ સરકારના કામકાજથી અસંતોષ વ્યક્ત કર્યો હતો. ૪ ટકા લોકોએ જવાબ આપ્યો કે, ખબર નથી અથવા કહી શકતા નથી. ૨૦ ટકા લોકો તટસ્થ હતા અને ૨૭ ટકા લોકોએ ઝસ નીતિશને મજબૂત સમર્થન આપ્યું છે. સર્વેના પરિણામો દર્શાવે છે કે, શહેરી અને ગ્રામીણ યુવા મતદારો સહિત મોટી સંખ્યામાં લોકો વર્તમાન સરકારના કાર્યપ્રણાલીથી અત્યંત નાખુશ છે. ૪૮ ટકા શહેરી અને ગ્રામીણ મતદારો વર્તમાન સરકારના કાર્યપ્રણાલીથી ખુશ નથી. ૧૮ થી ૩૪ વર્ષની વયજૂથના ૫૫ ટકા લોકોએ નીતિશ સરકાર પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો છે. આ સર્વેનું સૌથી મહત્વનું અને ચિંતાજનક પાસું એ છે કે, ગ્રામીણ અને યુવા મતદારોમાં આ નારાજગી સૌથી વધુ છે. સર્વેમાં સમાવિષ્ટ ૭૦ ટકા ગ્રામીણ અને ૩૦ ટકા શહેરી લોકોમાંથી ૪૮ ટકા શહેરી અને ગ્રામીણ લોકો વર્તમાન સરકારથી ખુશ નથી. ૧૮ થી ૩૪ વર્ષની વયજૂથના ૫૫ ટકા લોકોએ નીતિશ સરકાર પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો છે. આ આંકડો NDA માટે ખૂબ જ ખતરનાક છે. યુવા મતદારો કોઈપણ ચૂંટણીના પરિણામને બદલી શકે છે અને તેમની નારાજગી સીધી રીતે રોજગાર, શિક્ષણ અને ભવિષ્યની અપેક્ષાઓ સાથે સંબંધિત છે. ગ્રામીણ મતદારોની નારાજગી એ પણ દર્શાવે છે કે, સરકારની યોજનાઓ જમીની સ્તરે એટલી અસર કરી શકી નથી, જેટલો દાવો કરવામાં આવી રહ્યો છે. વીજળી, પાણી, રસ્તા અને આરોગ્ય સુવિધાઓ જેવા મુદ્દાઓ હજુ પણ ગામના લોકો માટે મહત્વપૂર્ણ છે.

# તંત્રી લેખ...

## અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને વિવિધ સામાજિક-શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન

આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનને નિમિત્તે અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા ચેરમેન શ્રી દિગ્પાલસિંહ ચુડાસમાના માર્ગદર્શનમાં અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા છે. ૧૭મી સપ્ટેમ્બરના રોજ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓના ૭૫૦૦ શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત ૭૫૦૦ વૃક્ષો વાવશે. આ દિવસે આંગણવાડીમાં અને પ્રાથમિક સ્કૂલના બાળકોને પૌષ્ટિક આહાર સુખડીનું વિતરણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોને વિવિધ શૈક્ષણિક યોજનાઓ અંગે માહિતી પૂરી પાડવામાં આવશે. સાથે જ, તાજેતરમાં જ વિદ્યાસહાયક તરીકે નવનિયુક્ત થયેલા વિદ્યાસહાયકો સાથે કર્તવ્યનિષ્ઠા સંદર્ભે વાર્તાલાપ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ભારતના ભાવિ ઘડવૈયાઓનું નિર્માણ કરશે અદાણી સિમેન્ટ ફ્યુચરએક્સ

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ : વિશ્વની નવમી સૌથી મોટી બાંધકામ સામગ્રી અને તે સંબંધી ઉકલોના ક્ષેત્રની કંપની અને વૈવિધ્યસભર અદાણી સમૂહની કંપનીઓની એક પાંખ અદાણી સિમેન્ટે એન્જિનિયર્સ ડે નિમિત્તે, અદાણી સિમેન્ટ ફ્યુચરએક્સ શિર્ષક હેઠળ એક બહુલક્ષી રાષ્ટ્રવ્યાપી શૈક્ષણિક-ઉદ્યોગને સાંકળતો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ કાર્યક્રમની રચનાની હેતુ વર્ગ ખંડોને વાસ્તવિક દુનિયાની માળખાગત સુવિધાઓ અને ટકાઉપણા સામેના પડકારોને સંકલિત કરવાનો છે. અદાણી સિમેન્ટ ફ્યુચરએક્સનો આરંભ સરકારના યોગ્ય ભારત મિશન અને શિક્ષણ મંત્રાલયના રોજગાર અને ઉદ્યોગસાહસિક કૌશલ્ય વચ્ચેના અંતરને દૂર કરવાના આહવાન સાથે એક સંકલિત ભવિષ્યના નિર્માણ માટે તૈયાર કાર્ય બળ બનાવવા માટે સમયસરના ઉદ્યોગ-સંચાલિત ઉકેલ તરીકે ઉભરી આવી છે. જે ભારતના વસ્તી વિષયક લાભાંશનો લાભ ઉઠાવીને વિક્સિત ભારત ૨૦૪૭ના કલ્પનાને સાકાર કરવા માટે માનવ મૂડી પૂરી પાડે છે. એકસોથી વધુ શહેરોમાં રાજ્ય અને ખાનગી ક્ષેત્રની ટોચની સંસ્થાઓ અને આઈ.આઈ.ટી., એન.ઈ.ટી. જેવી એકસોથી વધુ પ્રતિષ્ઠિત અગ્રણી ઈજનેરી સંસ્થાઓ અને ૧૦૦ જેટલી શાળાઓ સાથે જોડાણ કરીને જિજ્ઞાસાથી કારકિર્દી સુધી એક સાતત્ય સ્વરુપ માં આ પહેલની ડિઝાઈન કરવામાં આવી છે જે ભારતના વસ્તી વિષયક લાભાંશ રાષ્ટ્ર નિર્માણ માટે કુશળ બળમાં પરિવર્તિત થાય છે.ખાતરી કરે છે. અદાણી સમૂહના સિમેન્ટ વ્યવસાયના સીઈઓ વિનોદ બાહેટીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વિક્સિત ભારત ૨૦૪૭ના ભારતના વિઝન પ્રત્યે અદાણી સિમેન્ટ ફ્યુચરએક્સ અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.જ્યારે સરકાર યુવાનોને રોજગારી અને ઉદ્યોગસાહસિક કૌશલ્યથી સશક્ત બનાવવા માટે યોગ્ય ભારત મિશનને આકાર આપી રહી છે ત્યારે અમારી આ પહેલ શાળાઓ અને કેમ્પસમાં વાસ્તવિક દુનિયાનો સાતત્યસભર સેતુનું નિર્માણ કરી આ પ્રયાસને પૂરક બનાવે છે. સ્માર્ટ સિમેન્ટ લેબ્સથી લઈને રોબોટિક્સ, AI-સક્ષમ નવીનતા, ડીકાબર્નાઈઝેશન સંશોધન અને કારકિર્દીના માર્ગોના દિશા સુચન સુધી ભારતની પ્રતિભાશાળી યુવા શક્તિ માત્ર રોજગારી યોગ્ય જ નહીં પરંતુ ઉદ્યોગસાહસિક પણ છે તેની અમે ખાતરી કરી રહ્યા છીએ. વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM )એ યુવા શક્તિ વિકસતિ ભારત પાછળનું પ્રેરક બળ છે અને અમે પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયામાં દ્રઢપણે માનીએ છીએ. જ્યારે સિમેન્ટ રાષ્ટ્રનું માળખાગત નિર્માણ કરે છે ત્યારે ફ્યુચરએક્સ GenZ ઈન્ડિયાની આકાંક્ષાઓ અને ક્ષમતાઓનું સર્જન કરવામાં મદદ કરી, પ્રતિભા, નવીનતા અને આપણા દેશના વિકાસને વેગ આપવા માટે એક જવાબદારીની ભાવનાને સંરેખિત કરશે.

## જિલ્લા ન્યાયાલય, નડીઆદ ખાતે લોક અદાલતનું ઝળહળતું પરીણામ ૩૬ કરોડનાં સમાધાન વળતરની રકમ ચૂકવાઈ તથા ૪૬ લાખ દંડ વસુલાયો



। (માહિતી) નડીઆદ તા.૧૫ ।

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી. એન એ. અંજારીઆનાં અધ્યક્ષપણા અને માર્ગદર્શન હેઠળ તા.૧૩/૦૯/૨૦૨૫ શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડીઆદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જીલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત કોર્ટો ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. આ તા.૧૩/૦૯/૨૦૨૫ નાં રોજની નેશનલ લોક અદાલત અગાઉ વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદના ફૂલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપી જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે, લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ કોર્ટ ફી એક્ટ મુજબ પરત મળવાપાત્ર છે, અન્ય કોઈ ખર્ચ થતો નથી જેથી વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપીલ કરી હતી.

---

### પાપી મનુષ્ય ક્યારેય બ્રહ્મ નિર્વાણને પ્રાપ્ત કરતો નથી, એ વાત ખાસ યાદ રાખવી

# સર્વભૂતહિતે રતાઃ એ ઉક્તિ મુજબ પ્રાણીમાત્રનાં હિતનું વિચારીને યોગી થઈ શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**છિન્નદ્વેધાઃ★★ આમ તો આપણે રહ્યા ભોગી અને સંસારી જીવ એટલે ઈશ્વર અનુસંધાન નામે કોઈ એવી સાધના આપણાથી થતી નથી. પણ ક્યારેક કોઈ એક વાત પર સંમત થઈએ, અને ઈશ્વર અનુસંધાન શરૂ થાય, તો એને સાધના કહેવાય છે. પરંતુ સાધના નામે પણ આપણા મનમાં બહુ મોટી ભ્રમણા છે, એટલે કે જે જટિલ અને અઘરું છે, એ જ સાધના છે! પણ હકીકતમા એ ભૂલ છે.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે ગીતાનાં જ્ઞાનથી જીવન સંવારીએ. લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ છિન્નદ્વેધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ. માનવ માત્રના શરીરની અંદર લાભ મેળવવાની એક વૃત્તિ રહેલી છે, પછી તે નાનામાં નાનો મનુષ્ય હોય કે કરોડો પતિ હોય તે, શુભ કરતાં લાભનું વધારે વિચારે છે. એટલે કે વ્યક્તિગત ફાયદો થતો હોય એને આપણે લાભ કહીએ, અને જેમાં પોતાની સાથે સાથે બીજાનો પણ લાભ સમાયેલો હોય, એવી ઈચ્છા રાખવી એને શુભ કહેવામાં આવે છે. સમગ્ર જીવસૃષ્ટિમાં આ ભાવ વ્યાપ્ત છે, અને કોઈ કોઈ જે આ લાભની વૃતિ છોડીને શુભ મંગલનું વિચારે છે, એ બધા જ યોગીજન છે, મુનિજન છે, ઋષિ છે, પછી એનો પહેરવેશ ગમે તે હોય, ધર્મ ગમે તે હોય, અને એની રહેણી કહેણી પણ જે હોય તે, પણ તે મુનિ છે, એવું ભગવાન સ્વયમ ગીતામાં કહે છે. પરંતુ લાભ ન છોડી શકવા માટેના ઘણા કારણો છે, અને એ વાત આજે આપણને ભગવત ગીતાનાં પંચમા અધ્યાયનાં ૨૫ માં આ શ્લોક દ્વારા ભગવાન કરે છે,કે જેમના સઘળા પાપ નષ્ટ થઈ ચૂક્યા છે, જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે, જે સર્વ પ્રાણીઓના હિતમાં રત છે, તેમજ જેમનું જીતાયેલું મન નિશ્ચળ ભાવે પરમાત્મામાં સ્થિત છે, એવા બ્રહ્મવેતા માણસો શાંત બ્રહ્મને પામે છે. આ શ્લોકનો ભાવાર્થ સીધો સાદો છે, પરંતુ લાભ છોડવા માટે થઈને આમાંના ચાર શબ્દનો ભાવાર્થ સમજવા જેવો છે.

ક્ષીણકલ્મષાઃ★★ કલમ્ષ એટલે પાપ અને જેનાં પાપ ક્ષીણ થઈ ગયા તે યોગી, પાપનો રંગ કાળો છે માટે અહીં કલમ્ષ શબ્દ વપરાયો છે. આપણે વ્યવહારમાં પણ કાળા કામ કરનારો એવો શબ્દ પ્રયોગ કરતા હોઈએ છીએ. મનુષ્યના પાપ ત્રણ પ્રકારે ક્ષીણ થાય છે. ૧)ભોગવી લેવાથી(૨) ઈશ્વર કે સદગુરુની કૃપાથી અને(૩) પરમના જ્ઞાનથી. જે રીતે પાપ ક્ષીણ થાય તે રીતે જીવીને યોગી થવું, પાપી મનુષ્ય ક્યારેય બ્રહ્મ નિર્વાણને પ્રાપ્ત કરતો નથી, એ વાત ખાસ યાદ રાખવી. પહેલાના સમયમાં લોકોની સહનશક્તિ બહુ હતી, અને એટલે લોકો પાપ ભોગવીને પાપને ક્ષીણ કરી શકતાં હતાં. પરંતુ હાલ અંદર બહાર બંનેની પ્રકૃતિ તીવ્ર અને તપ્ત હોવાથી એ શક્ય નથી, કે નથી એટલી ધીરજ! તો આપણી પાસે માત્ર બે માર્ગ બચે છે. એક ઈશ્વર કે સદગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો, અને બીજો જ્ઞાનનો. સાંપ્રત સમયમાં આપણું જ્ઞાન પણ અહમથી મુક્ત રહી શકતું નથી, અને મોટે ભાગે જ્ઞાનને નામે કંઈ પણ હાંસલ કર્યુ ન હોય, છતાં આપણે અહમ કરતાં હોઈએ છીએ. એટલે આપણી પાસે માત્ર એક જ માર્ગ બચે છે, અને એ છે કૃપાનો, તો આપણને એમ થાય કે આપણે કૃપા કઈ રીતે પ્રાપ્ત કરી શકીએ! આપણી તો એવી કોઈ લાયકાત નથી. કૃપા માત્ર ને માત્ર શરણાગત થવાથી જ પ્રાપ્ત થાય છે. આપણા ભૂત ભવિષ્ય વર્તમાન કાળનાં તમામ કર્મો ઈશ્વર ચરણે કે સદગુરુને ચરણે રાખી દેવાથી, શરણાગત બનીએ તો કૃપા પ્રાપ્ત થાય!; પરંતુ એમાં પણ ભરોસો ન્હોય તો કલમ્ષ ક્ષીણ થતાં થતાં રહી જાય.

છિન્નદ્વેધાઃ★★ આમ તો આપણે રહ્યા ભોગી અને સંસારી જીવ એટલે ઈશ્વર અનુસંધાન નામે કોઈ એવી સાધના આપણાથી થતી નથી. પણ ક્યારેક કોઈ એક વાત પર સંમત થઈએ, અને ઈશ્વર અનુસંધાન શરૂ થાય, તો એને સાધના કહેવાય છે. પરંતુ સાધના નામે પણ આપણા મનમાં બહુ મોટી ભ્રમણા છે, એટલે કે જે જટિલ અને અઘરું છે, એ જ સાધના છે! પણ હકીકતમા એ ભૂલ છે. ઈશ્વરનાં સાધના કાળ દરમિયાન મનુષ્યના માનસમાં દ્વિધા નામે એક બહુ મોટો શત્રુ સંતાયેલો હોય છે. દ્વિધા એટલે આ સાચું? કે આ સાચું? આ કરું ? કે આ કરું ? અથવા એક પણ ના કરું? આવી દ્વિધા સાધન અને સાધ્ય વચ્ચે વારંવાર થતી હોય તો જે મનુષ્ય, એ દ્વિધાને છિન્નભિન્ન કરી નાખે, એટલે કે એ વિશે વિચારીને પોતાનો સમય તેમજ સ્વભાવ બગાડે નહીં તે મુનિ છે! તે યોગી છે. આપણી સાધના પદ્ધતિ ઉપર પૂર્ણ નિષ્ઠા હોય તો દ્વિધાનો કોઈ અવકાશ રહેતો નથી.

યતાત્માનઃ★★

યત્ન કરનારો. યત્ન કરે તેને યતિ કહેવાય. યત્ન એટલે આમ તો પરિશ્રમ અથવા તો પ્રયત્ન કરવાં વાળો, પણ આપણે અહીં તેનો અર્થ સાધના કરી શકીએ. સાધનાનો ત્યાગ કદી પણ કરાય નહિ, એટલે કે અધૂરું છોડી દેવાય નહીં. સાધના જ સાધકને તારનારી છે, સાધના થકી જ સાધક ઈશ્વર નજીક પહોંચે છે, સત્ય નજીક પહોંચે છે, પ્રેમ નજીક પહોંચે છે, અને કરુણા નજીક પહોંચે છે. પછી ધીરે ધીરે એ ત્રણે ભાવને હૃદયમાં સમ રાખીને, ઈશ્વર તત્વની પ્રતીતિ એવમ અનુભૂતિ પણ કરે છે. માટે જ યતાત્માનઃ એટલે વિવેકપૂર્વક યત્ન કરનારો મુનિ છે.

સર્વભૂતહિતે રતાઃ★★

હવે જે વિશેષણ લખ્યું છે તે બહુ જ મહત્ત્વનું છે. તે પ્રાણીમાત્રના હિતમાં રત રહેનારો હોય.

" સર્વભૂતેહિતે રતાઃ" એ નાનકડી સૂક્તિ છે. જે ભૂખ્યાને ભોજન આપે, તરસ્યાને પાણી આપે, રક્ષણ આપે, નિર્ભયતા આપે, રોજી, રોટી, આવાસની વ્યવસ્થા કરાવે, ઔષધિ આપે. જે જીવનનાં સળગતાં પ્રશ્નોને ઉકેલી આપે તે માટે ઝઝૂમવું પડે, તો ઝઝૂમે એવી સક્રિય દયા કરનારને સર્વભૂતહિતે રતા કહેવાય. ગીતા અહીં માનવતાવાદી અભિગમ બતાવે છે. માનવતા વિનાનો ધર્મ એ મડદું છે, અને માનવતા વિનાનું અધ્યાત્મ સુગંધ વિનાનું ફુલ છે. એ સમયમાં તો વધુ ધર્મ સંપ્રદાય હશે કે કેમ એ આપણે જાણતા નથી, પરંતુ સાંપ્રત સમયમાં આ નાનકડું એવું એક સૂત્ર સર્વધર્મને એક કરવા માટે પર્યાપ્ત છે. કારણ કે ગમે તે ધર્મનો હોય, પણ તે છે તો મનુષ્ય જ! અને અહીં સર્વનાં હિત માટે જે પ્રયત્નશીલ રહે છે તે મુનિ છે, તે યોગી છે, તે ઋષિ છે, એવું સ્વયમ ભગવાને કહ્યું છે. ત્યારે આપણે ધર્મનો ભેદ પણ શું કામ રાખવો! અને સનાતનની પરંપરામાં એટલે જ તો સર્વનાં હિતની કામના છે. ઉપરના ત્રણ શબ્દ મુજબ આપણે યોગી કે મુની થઈ શકીએ કે કેમ? એ એક સવાલ ઉભો થાય છે. પરંતુ સર્વના હિતનું વિચારીને આપણે યોગી થવું સહેલું છે, કારણ કે આમાં આપણે આપણાં ભોગ ત્યજવાનાં નથી. બસ આપણા મનમાં જે જે ભોગની કામના રહેલી છે, એ અન્ય માટે પણ ઉપલબ્ધ થાય, એવી કામના કરવાની છે! જો મનમાં રાગદ્વેષ કે ઈર્ષા હશે તો આવી કામના નહીં થઈ શકે! બાકી તો હું જમું એવું જ બીજાને પણ મળે, કે પછી ભાગમાંથી ભાગ પાડવો એ ભાવ રાખવો એ એટલું અઘરું નથી. તો હાલ જે વર્તમાન સમય છે, એ અનુસાર આપણે જો યોગી બનવું હોય તો એક તો કૃપા થી બની શકાય ! અને બીજું સર્વભૂતહિતે રતાઃ એ સૂત્ર મુજબ સર્વના હિતનું વિચારીને આપણે યોગી કે મુની બની શકીએ. સ્વયંમ ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને આ માર્ગ ચીંધ્યો છે. પણ આપણી દ્વિધા તો જુદી છે, આપણે મુનિ કહેવડાવુ છે, બનવું નથી!: માટે આ સીધીસાદી વાતો આપણને સમજાતી નથી, અને જીવન આમ જ ચાલ્યું જાય છે, પણ હજી પણ કંઈ મોડું થયું નથી! ઉપર બતાવેલ માર્ગ પ્રમાણે આપણે યોગી કે મુનિ થઈ જીવન સંવારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### ધર્મની તેર પત્નીઓ બતાવી છે. તેના નામોઃશ્રદ્ધા,દયા,મૈત્રી, શાંતિ પુષ્ટિ,ક્રિયા,ઉન્નતિ,બુદ્ધિ,મેઘા, તિતિક્ષા અને મૂર્તિ.ધર્મનાં તેર લગ્નો થયાં છે

# બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એ જ અસૂયા-મત્સર



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યાને લક્ષ્મીજી મળ્યા. કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય.પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય.દ્રવ્યમાં ઈર્ષ્યાઅસૂયા રહેલી છે. બ્રહ્માણી એ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે.**

હવામાન શાસ્ત્રીની આગામી દિવસોમાં ભારે મધ્યમ વરસાદની આગાહી કરતા લોકોમાં પાછો સળવળાટ જોવા મળે છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શરીરમાં તમોગુણ છે તેને રજો ગુણથી મારો,દૂર કરો રજોગુણને સત્ત્વ ગુણથી મારો એટલે કે નષ્ટ કરો. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે.સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પણ બંધન કરે છે. એમાં પણ થોડો અહંભાવ રહી જાય છે.માટે છેવટે સત્ત્વ ગુણને સત્ત્વગુણથી મારવાનો. સત્ત્વગુણ નો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે.



જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિ એ જ અસૂયા. બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એ જ અસૂયા-મત્સર. અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે. પરદોષનો વિચારએ શ્રીકૃષ્ણ દર્શનમાં વિઘ્ન કરે છે.બુદ્ધિમાં જ્યાં સુધીઅસૂયા મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં. જેનીબુદ્ધિ અનસૂયા-અસૂયા વિનાની બને એ જ અત્રિ બને. પછી દત્તાત્રેય પધારે.જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિ અસૂયા વિનાની નિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે.તેથી અસૂયા-ઈર્ષ્યા કોઈની ન કરો.

અનસૂયા મહાન પતિવ્રતા છે. એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા. પાર્વતીજી નારદજીને પ્રસાદ આપે છે. નારદજી કહે છે,લાડુ બહુ સુંદર છે. પણ અનસૂયાનો લાડુ તમારા લાડુ કરતાં શ્રેષ્ઠ છે. પાર્વતીજી પૂછે છે,એ અનસૂયા કોણ છે?નારદજી કહે,અનસૂયા મહાન પતિવ્રતા છે.પાર્વતીના મન માં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. મારાથી અનસૂયા વધે?શંકર સમાધિમાંથી જાગ્યા. પાર્વતી વંદન કરે છે.ઘરનું માણસ બહુ નમે,સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે.પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઈપણ પ્રકારે અનસૂયાના પતિ વ્રતનો ભંગ થાય તેવું કરો!

આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યાને લક્ષ્મીજી મળ્યા.કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય.પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય. દ્રવ્યમાં ઈર્ષ્યાઅસૂયા રહેલી છે. બ્રહ્માણી એ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે.

સાવિત્રીજીએ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી શંકર-વિષ્ણુ બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયાના આશ્રમમાં આવે છે.કહે છે,તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે,જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિ વ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય.મને પાપ લાગશે.

નગ્ન થઈ ભિક્ષા આપો એવી પ્રભુ માગણી કરે છે, એટલે વૈષ્ણવ પ્રભુને વાસના રહિત થઈ ભિક્ષા આપે.ઈશ્વરને વાસના રહિત થઈ, નિષ્કામ થઈ સર્વ વસ્તુ અર્પણ કરવાની છે.અનસૂયાના મનમાં કોઈ વાસના ન હતી.સૂક્ષ્મવાસના પણ જો મનમાં હોય તો ત્રણ દેવો આવતા નથી. અનસૂયાએ ધ્યાન ધર્યું અને ત્રણ દેવો ઉપર પાણીની અંજલિ છાંટી.ત્રણ દેવો બાળક બની ગયા.પતિવ્રતામાં એવી શક્તિ છે.પાર્વતી,લક્ષ્મી અને સાવિત્રી પોતાના પતિઓને શોધવા નીકળી.ત્રણે દેવીઓ ચિત્રકૂટમાં આવી.એટલામાં નારદ ત્યાં આવ્યા.દેવીઓએ તેમને પૂછ્યું,અમારા પતિઓના કાંઈ સમાચાર જાણતા હોય તો કહો. નારદજી કહે, પહેલા કહો કોણ મોટું? તમે કે અનસૂયા? દેવીઓ કહે છે,અનસૂયા મોટાં!હવે નારદ જી કહે છે તમારા પતિઓ અન સૂયાના ઘરમાં ઘોડીએ હીંચે છે!

બીજા સાથે અનસૂયા કરનારને શાંતિ મળતી નથી. દેવીઓ ગભરાય છે. ત્યાં જઈએ અને અનસૂયા શ્રાપ આપે તો? નારદજી કહે છે,તમે ભલે મત્સર કહો પણ અનસૂયા મત્સર કરશે નહીં.દેવીઓ આશ્રમમાં દેવી પાસે આવી. અનસૂયાએ પ્રતિજ્ઞા કરાવી કે, અમે કદી કોઈ પતિવ્રતા સ્ત્રીને નહીં પજવીએ. અત્રિ ઋષિ પૂછે છેકે,આ ત્રણ બાળકો કોણ? અનસૂયા કહે છે,આ ત્રણ મારા છોકરાઓ છે અને આ ત્રણે છોકરાઓની વહુઓછે.પછીજળ છાંટ્યું.ત્રણ દેવો પ્રગટ થયા.આ ત્રણે દેવોનું તેજ ભેગું થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા છે.

માર્ગદર્શન ગુરુકૃપા વગર મળતું નથી.ગુરુ દત્તાત્રેય માર્ગદર્શન આપનાર છે, તેથી તેનો જન્મ માર્ગશીર્ષ માસમાં થયો છે.

દક્ષ પ્રજાપતિ અને કર્દમ ઋષિની કન્યા પ્રસૂતિને ત્યાં સોળકન્યાઓ થઈ છે. તેમાંથી તેર ધર્મને,એક અગ્નિને,એક પિતૃગણને અને સોળમી સતી શંકરજીને પરણીછે

ધર્મની તેર પત્નીઓ બતાવી છે. તેના નામોઃશ્રદ્ધા,દયા,મૈત્રી, શાંતિ પુષ્ટિ,ક્રિયા,ઉન્નતિ,બુદ્ધિ,મેઘા, તિતિક્ષા અને મૂર્તિ.ધર્મનાં તેર લગ્નો થયાં છે. આ તેર ગુણોને જીવનમાં ઉતારે તો ધર્મ તેને જરૂર ફળે છે.આ તેર ગુણો સાથે લગ્ન કરશો તો પ્રભુ મળશે.ધર્મની પહેલી પત્ની શ્રદ્ધા. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો.ધર્મની પ્રત્યેક ક્રિયા શ્રદ્ધાથી કરજો.શ્રદ્ધા દૃઢ હોવી જોઈએ.

એક દિવસ નામદેવના પિતાશ્રીને બહારગામ જવાનું થયું.નામદેવની ઉંમર તે વખતે નાની.ઘરમાં દેવ પૂજા હતી.પૂજાનું કામ નામદેવને સોંપ્યું.બીજે દિવસે નામદેવ ઠાકોરજીને દૂધનો પ્રસાદ ભોગ ધરાવે છે.ભગવાન દૂધ પીતા નથી નામદેવ બહુ કાલાવાલા કરે છે. રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારાબાપુ મને વઢશે.બધી વિનવણી વ્યર્થ ગઈ,ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ.જ્યાં નામદેવ માથું પછાડવા તૈયાર થયા,ત્યાં ભગવાન પ્રગટ થયા. ભગવાને દૂધનો કટોરો લીધો અને દૂધ પીવા લાગ્યા. ત્યાં નામદેવને લાગ્યું કે, વિઠ્ઠલ તો બધું પી જવાના એટલે તે બૂમ પાડી ઊઠ્યો,વિઠ્ઠલ,બધું દૂધ ના પી જતો.મારા માટે રાખ. બાપુ તો મને રોજ પ્રસાદ આપે છે. નામદેવના પ્રેમથી વિઠ્ઠલનાથ ખુશ થયા.નામદેવને ગોદમાં લીધો અને દૂધ પાયું.દૃઢ શ્રદ્ધા ભક્તિથી દૃઢ પ્રેમથી જડ પણ ચેતન બનેછે

હવે મૈત્રીની વાત કરીએ.શ્રીધર સ્વામીએ કહ્યું છે કે,સર્વ પ્રત્યે મૈત્રી કરવી એ શક્ય નથી એટલે સર્વ સાથે મૈત્રી ન થાય તો વાંધો નહીં પણ કોઈ સાથે વેર ન કરો. વેર ન કરો એ મૈત્રી કર્યા જેવું છે.

ધર્મની તેરમી પત્ની છે મૂર્તિ અરે, ધર્મના ઘરે નારાયણનું પ્રાગટ્ય થયું છે મૂર્તિમાં પ્રેમ રાખો.મૂર્તિને માતા અને ધર્મને પિતા માને એને ત્યાં નારાયણનો જન્મ થાય છે. બદરિનારાયણ ભગવાન મૂર્તિદેવી ને વર્ષમાં એક વખત મળવા જાય છે.બરાબર ધર્મનું પાલન કરશો, તો તમારા ઘરે નારાયણ પ્રગટ થશે.

### મનોજ બાજપાઈને શાહરુખ,કે અજય જેવી સ્ટારડમની આદત નથી

# ‘મને સ્ટારડમથી ગભરામણ થવા માંડે છે, ફેન્સના પ્રતિસાદની આદત નથી’

**રામ રેડ્ડી દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ‘જુગ્નુમા’, જેમાં મનોજ બાજપેયી લીડ રોલમાં છે, તે ૧૨ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ છે**

તાજેતરમાં જ મનોજ બાજપાઈની ફિલ્મ ‘જુગ્નુમા’ રિલીઝ થઈ છે. ત્યારે તેણે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તે જ્યારે ફેન્સથી ઘેરાઈ જાય છે, તો તેને ગભરામણ થઈ જાય છે. તેને સ્ટારડમનું પ્રેશર ગમતું નથી. સાથે જ તેણે શાહરુખ, સલમાન આમિર ખાન અને અજય દેવગનની સ્ટારડમ સાથે સરખામણી પણ કરી હતી. મનોજ બાજપાઈ જણાવે છે કે તેને ફેન્સના ભાવુક પ્રતિસાદની આદત નથી. તેમણે જણાવ્યું, “હું બસ મારું કામ કરતો રહું છું. ફેન્સ મારી પાછળ દોડતા હોય, મારો પીછો કરતા હોય, કે મને પૂછતા હોય, કે પછી મને જોઈને રડતા હોય એ માહોલમાં હું ક્યારેય ગયો જ નથી. મને ઓડિયન્સ તરફથી ક્યારેય



એવો પ્રતિસાદ મળ્યો જ નથી. હું બસ મારું કામ કરતો રહું છું. કેટલીક બહુ સફળ થઈ, કેટલીક થોડી-ઘણી ચાલી, તો કેટલીક ફિલ્મ લોકોના ધ્યાનમાં પણ ન આવી. મેં એ રસ્તો જ નથી અપનાવ્યો જે સ્ટારડમ સુધી જતો હોય અને એ ઈરાદાપૂર્વકનો નિર્ણય હતો – મને એવી ફિલ્મ કરવામાં જ મજા આવતી હતી.’’આગળ મનોજ બાજપાઈએ જણાવ્યું, કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ઓટીટી પર તેને વિવિધ જોનરનું અને વિવિધ પ્રકારનું કામ કરવા મળે છે. મનોજે જણાવ્યું, “આજે હું જ્યારે નવા ફેન્સથી ઘેરાયેલો હોઉં છું, તો મને ગભરામણ થઈ જાય છે, કારણ કે મને તેની આદત નથી. જુઓ, સલમાન, સૈફ, અજય, શાહરુખ, આમિરને તેની આદત છે. તેમને ૨૫, ૨૬ વર્ષની ઉમરે સ્ટારડમ મળી ગયું હતું. તેમને તો ખબર પણ નથી કે કોઈ ફેન્સ જ ન હોય તો શું કરવું. એમ મને ફેન્સની આદત જ નથી. તેથી એ વધારે પડતું લાગે છે – મને મારા અંગત સમયમાં ખલેલ જેવું લાગે છે.’રામ રેડ્ડી દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ‘જુગ્નુમા’, જેમાં મનોજ બાજપેયી લીડ રોલમાં છે, તે ૧૨ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ છે. ૮૦ના દાયકાના અંત દરમિયાનની વાત કરતી આ ફિલ્મમાં દેવ એટલે કે મનોજ બાજપાઈની વાર્તા છે.

### કોમેડિયન એક્ટર કપિલ શર્મા ફરી એક વખત વિવાદમાં ફસાયો

# કપિલ શર્માએ મુંબઇને બોમ્બે કહેતા મનસે દ્વારા વિરોધ કરાયો

**થોડાં વખત પહેલાં કેનેડામાં તેના કેફેમાં સિખ સમાજની લાગણીઓ દુભાવાના આરોપસર હુમલો કરવામાં આવ્યો હતો**

કોમેડિયન એક્ટર કપિલ શર્મા ફરી એક વખત વિવાદમાં ફસાયો છે. થોડાં વખત પહેલાં કેનેડામાં તેના કેફેમાં સિખ સમાજની લાગણીઓ દુભાવાના આરોપસર હુમલો કરવામાં આવ્યો હતો. હવે તેને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ નિશાન બનાવ્યો છે. મનસેના ફિલ્મ વિંગના નેતા અમેયા ખોપકરે તેના માટે એક ચેતાવણી જાહેર કરી છે, જેમાં તેને પોતાના નેટફ્લિક્સ પરના શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શોમાં મુંબઈના બદલે બોમ્બે કે પછી બમ્બઈના કહેવા માટે ચેતવ્યો છે. ખોપકરે નિવેદનમાં



કહ્યું કે મનસે દ્વારા કપિલ શર્મા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.“આ શહેરનું નામ મુંબઈ છે. કપિલ શર્માના શોમાં અમે લાંબા સમયથી જોતા આવ્યા છીએ કે આ શહેરને તેઓ બોમ્બે કે બમ્બઈ કહે છે. આ માત્ર એક વાંધો નથી, આ ગુસ્સો છે. જો તમે અન્ય શહેરોને તેમના યોગ્ય નામ ચેન્નઈ, બેંગલુરુ અને કોલકાતા કહેતા હોય તો આ શહેરનું આવું અપમાન કેમ? મુંબઈ તમારી કર્મભૂમિ છે. આ શહેરનું અપમાન કરશો નહીં, મુંબઈનાં લોકોનું અપમાન કરશો નહીં.’’આગળ તેમણે કહ્યું, “જો આવું ભૂલથી થયું હોય, તો આ ભૂલ સુધારી લો. તમારા શોમાં જે પણ આવે છે, તેઓ કોઈ સેલેબ્રિટી હોય કે પછી એન્કર્સ, તેમને જણાવો કે બોમ્બે કે બમ્બઈ નહીં, પણ મુંબઈ બોલવાનું. જો આવું નહીં થાય તો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.’’

### શ્રદ્ધા કપૂર આ પાત્ર માટે સખત મહેનત કરી રહી છે

# શ્રદ્ધા કપૂર લક્ષ્મણ ઉટેકરની ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનામાં શરૂ કરશે




**લક્ષ્મણ ઉટેકર ફિલ્મ છાવા પછી ફરી આ પ્રોજેક્ટ દ્વારા ફરી એક વખત મરાઠા સસ્કૃતિને મોટા પડદા પર પેશ કરવાની તૈયારી કરી રહ્યો છે**

લક્ષ્મણ ઉટેકર છાવા ફિલ્મ પછી ફરી એક વખત મહારાષ્ટ્રીયન સંસ્કૃતિ પડદા પર ઉતારવાની તૈયારી કરી રહ્યો છે. જેમાં શ્રદ્ધા કપૂર મુખ્ય રોલમાં જોવા મળશે.શ્રદ્ધા કપૂર માટે આ એક પડકારજનક રોલ સાબિત થશે તેમ કહેવાઈ રહ્યું છે. તે એક એવું પાત્ર ભજવવાની છે, જેણે મહાષ્ટ્રીયન સંસ્કૃતિને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કહેવાય છે કે, આ ફિલ્મ મોટા પાયા પર બનાવવામા આવી રહી છે. જેની વાર્તા એક પુસ્તક પરથી લેવામાં આવી છે. જોકે હાલ આ પુસ્તકનું નામ જાહેર કરવામાં આવ્યુ નથી. આ ફિલ્મનું કામચલાઉ શીર્ષક આઈટીએ હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનામાં શરૂ કરવામાં આવશે અને ફિલ્મને ૨૦૨૬ના અંત સુધી રિલીઝ કરવામાં આવશે. એક રિપોર્ટના અનુસાર, આ ફિલ્મ મહારાષ્ટ્રના ઈતિહાસના એક બેહદ મહત્વપૂર્ણ પાત્ર પર આધારિત છે. શ્રદ્ધા કપૂર આ પાત્ર માટે સખત મહેનત કરી રહી છે. તે આ ફિલ્મમા એક નૃત્યાંગનાના રોલમાં જોવા મળશે.અભિનેત્રી પોતાના પાત્રને ન્યાય આપવા માટે હાલ ડાન્સની વર્કશોપ્સની સાથેસાથે ગાયકીની પણ તાલીમ લઈ રહી છે.લક્ષ્મણ ઉટેકર ફિલ્મ છાવા પછી ફરી આ પ્રોજેક્ટ દ્વારા ફરી એક વખત મરાઠા સસ્કૃતિને મોટા પડદા પર પેશ કરવાની તૈયારી કરી રહ્યો છે.

# દિશા પટણીના ઘરે ફાયરિંગ કેસમાં મોટો ખુલાસો

**પ્રાથમિક માહિતી પ્રમાણે આ ઘટના દિશાની બહેન ખુશબુ પટણીના ધાર્મિક નેતાઓ પરના વિવાદાસ્પદ ટિપ્પણીથી જોડાયેલી માનવામાં આવે છે**

બોલીવુડ અભિનેત્રી દિશા પટણીના બરેલી ખાતેના પિતાના ઘર પર બાઈક સવાર અજાણ્યા લોકોએ ફાયરિંગ કરી હતી, જેનાથી પરિવારમાં ભયનો માહોલ ફેલાયો છે.પોલીસે આ હુમલાખોરોની શોધખોળમાં લાગી ગઈ છે. FIRમાં દિશાના પિતા જગદીશ સિંહ પટાણીએ જણાવ્યું કે હુમલાખોરોએ હત્યાની નિયતથી ગોળીઓ ચલાવી હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે આ ઘટના દિશાની બહેન ખુશબુ પટણીના ધાર્મિક નેતાઓ પરના વિવાદાસ્પદ ટિપ્પણીથી જોડાયેલી માનવામાં આવે છે.આખી વાત એમ છે કે, ૧૨ સપ્ટેમ્બરની સવારે લગભગ ૩:૩૦ વાગ્યે દિશા પટણીના ઘરના શ્વાનના ભસવાથી જગદીશ સિંહ પટણી જાગી ગયા અને બાલ્કની પર આવતા તેમણે બાઈક પર બે લોકોને જોયા.પહેચાણ પૂછતાં એક હુમલાવાળાએ ‘મારી નાખો’ કહ્યું, અને બીજા શૂટરે હેલ્મેટ વિના પિસ્તોલ કાઢીને ગોળી ચલાવી હતી. જગદીશજીએ બાલ્કનીના પિલર પાછળ છૂપાઈને જીવન બચાવ્યું હતું. પોલીસે કેંઈ નોંધી અને તપાસ શરૂ કરી છે.જાણકારી અનુસાર



દિશા પટણીના ઘર પર બે દિવસમાં બે વખત હુમલો થયો છે. પહેલો હુમલો ૧૧ સપ્ટેમ્બરની સવારે ૪:૩૩ વાગ્યે અને બીજો ૧૨ સપ્ટેમ્બરની સવારે ૩:૩૦ વાગ્યે થયો. જોકે, પહેલા હુમલાના પુરાવા હજુ મળ્યા નથી અને પોલીસ તપાસના ચક્ર ગતિમાન કર્યા હતા. આ ઘટનાએ પરિવારને ભયભીત કરી દીધો છે, અને સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે.ફાયરિંગની જવાબદારી ગોલ્ડી બાર ગેંગે લીધી છે, જેમાં વીરેન્દ્ર ચારણ અને મહેન્દ્ર સારણના નામનો ઉલ્લેખ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેઓએ કહ્યું કે ‘જય શ્રી રામ’, અને આ હુમલો ખુશબુ પટણીએ પ્રેમાનંદ મહારાજ અને અનિરુદ્ધાચાર્ય મહારાજના અપમાન કર્યા હોવાના કારણે કરાવ્યો છે. તેઓએ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે આ ટ્રેલર છે, આગળ વધુ કડક કાર્યવાહી થશે.દિશા પટણીના પિતા જગદીશ સિંહ પટણીએ ખુશબુના ટિપ્પણીનો બચાવ કરતા કહ્યું કે દરેકને પોતાની વાત કહેવાનો અધિકાર છે.અનિરુદ્ધાચાર્યજીએ મહિલાઓ વિશે વાત કરી હતી, જે તેમનો વિચાર હતો, અને ખુશબુએ તેની ટીકા કરી કારણ કે તે આર્મીમાંથી છે અને મહિલાઓના અપમાનને સહન કરતી નથી. ખુશબુએ પણ સ્પષ્ટતા કરી કે તેમની વાતોને વિકૃત કરીને પ્રેમાનંદ મહારાજ સાથે જોડવામાં આવી, જ્યારે તે માત્ર અનિરુદ્ધાચાર્યના નિવેદન વિરુદ્ધ હતી.

### પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનના કારણે ફિલ્મનો વિરોધ થયો હતો

# વાણી કપૂર- ફવાદ ખાનની ‘અબીર ગુલાલ’ આખરે ભારતમાં રિલીઝ થશે

છેલ્લા ઘણા વખતથી આ ફિલ્મ દુનિયાભરમાં રિલીઝ થશે અને ભારતમાં રિલીઝ નહીં થાય, તેની ચર્ચાઓ થતી હતી. પરંતુ હવે આખરે આ ફિલ્મ ભારતમાં પણ રિલીઝ કરવાની તૈયારીઓ થઈ ગઈ છે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, “દુનિયાભરમાં આ ફિલ્મ ૧૨ સપ્ટમ્બરે રિલીઝ થઈ ગઈ છે. ત્યારે હવે ધ ઈન્ડિયન સ્ટોરીઝ લિમિટેડ-યૂકે દ્વારા બે અઠવાડિયામાં આ ફિલ્મ ભારતમાં પણ રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. ફિલ્મમાં પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન લીડ રોલમાં હોવાના કારણે તેનો વ્યાપક વિરોધ થયો હતો અને રિલીઝ અંગે પણ અનિશ્ચિતતા હતી. જો કે હવે મેકર્સે આ ફિલ્મને ૨૬ સપ્ટેમ્બરે ભારતમાં રિલીઝ કરવાની તૈયારી કરી છે. તેમને વિશ્વાસ છે કે તેમની આ સાદી સરળ લવ સ્ટોરી



ભારત સહિત દુનિયાભરના લોકોને પસંદ પડશે. મહત્વની વાત એ છે કે ભારતમાં ‘અબીર ગુલાલ’ને સોલો રિલીઝ મળશે.’’આ ફિલ્મમાં પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન અને વાણી કપૂર લીડ રોલમાં છે, આ ફિલ્મમાં સંબંધોમાં બીજી તકની વાત કરવામાં આવી છે. તેમાં વાણી કપૂર ગુલાલનો રોલ કરે છે. તે એરેન્જ મેરેજથી બચવા માટે ઘર છોડીને ભાગી જાય છે અને લંડન જઈ પહોંચે છે. તેનો સામનો અબીરસિંઘ સાથે થાય છે, જે એક રેસ્ટોરાંનો માલિક છે અને તેનો અઘરો ભૂતકાળ છે. તેઓ બંને એકબીજા સાથે ટકરાય છે, ત્યારે તેમના જીવનમાં અનેક અણધારી ઘટાનાઓ બને છે, તેઓ ડાન્સ ક્લાસમાં મળે છે અને તેમની દુશ્મની, મૈત્રી અને પછી પ્રેમમાં પરિણમે છે. આ ફિલ્મમાં રોમાન્સ, ઈમોશન અને લાફ્ટરનું મિશ્રણ છે. આ ફિલ્મ વિવેક અગ્રવાલ, રઝા નમાઝી અને ફિરોઝી ખાને પ્રોડ્યુસ કરી છે. તેમને વિશ્વાસ છે કે તેમની આ સાદી સરળ લવ સ્ટોરી ભારત સહિત દુનિયાભરના લોકોને પસંદ પડશે. મહત્વની વાત એ છે કે ભારતમાં ‘અબીર ગુલાલ’ને સોલો રિલીઝ મળશે.’’આ ફિલ્મમાં પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન અને વાણી કપૂર લીડ રોલમાં છે, આ ફિલ્મમાં સંબંધોમાં બીજી તકની વાત કરવામાં આવી છે. તેમાં વાણી કપૂર ગુલાલનો રોલ કરે છે. તે એરેન્જ મેરેજથી બચવા માટે ઘર છોડીને ભાગી જાય છે અને લંડન જઈ પહોંચે છે. તેનો સામનો અબીરસિંઘ સાથે થાય છે, જે એક રેસ્ટોરાંનો માલિક છે અને તેનો અઘરો ભૂતકાળ છે. તેઓ બંને એકબીજા સાથે ટકરાય છે, ત્યારે તેમના જીવનમાં અનેક અણધારી ઘટાનાઓ બને છે, તેઓ ડાન્સ ક્લાસમાં મળે છે અને તેમની દુશ્મની, મૈત્રી અને પછી પ્રેમમાં પરિણમે છે. આ ફિલ્મમાં રોમાન્સ, ઈમોશન અને લાફ્ટરનું મિશ્રણ છે. આ ફિલ્મ વિવેક અગ્રવાલ, રઝા નમાઝી અને ફિરોઝી ખાને પ્રોડ્યુસ કરી છે.

### મારા સ્ટાફનો ખર્ચ પ્રોડ્યુસર કેમ ઉઠાવે?

# ફિલ્મ સ્ટાર્સના વધારાની ખર્ચ અંગે આમિર ખાને ઉઠાવ્યા સવાલ



**આમિર ખાને આ પ્રથાને શરમજનક ગણાવતા કહ્યું કે, આજના સ્ટાર્સ પોતાના સ્પોટ બોય, ટ્રેનર અને રસોયાનો ખર્ચ પણ વસૂલ કરે છે**

બોલિવૂડમાં ત્રણ ખાન અભિનેતાઓ પોતાનું પ્રભુત્વ જમાવી ચૂક્યા છે. આમિર ખાન તે પૈકીના એક છે. આમિર ખાનની ફિલ્મોએ અનેક રેકોર્ડ બનાવ્યા છે. તેની આ યાત્રા આજે પણ ચાલું જ છે. જોકે, આમિર ખાન અભિનેતાની સાથોસાથ પ્રોડ્યુસર પણ છે. તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા એક વલણને લઈને વાંધો ઉઠાવ્યો છે.તાજેતરમાં મિ. પર્ફેક્ટનિસ્ટ તરીકે જાણીતા અભિનેતા આમિર ખાને કોમલ નાહટા સાથે ‘ગેમ ચેન્જર્સ’ યુટ્યુબ ચેનલમાં ઈન્ટરવ્યૂ આપ્યું હતું. જેમાં વાતચીત દરમિયાન આમિર ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી કેટલીક અનિયમિતતાઓ સામે પોતાનો મત રજૂ કર્યો હતો. આમિર ખાને કલાકારો દ્વારા પ્રોડ્યુસર પાસેથી પોતાના અંગત ખર્ચાઓની માંગણીને ‘શરમજનક’ ગણાવી હતી. આમિર ખાને જણાવ્યું હતું કે, “ફિલ્મ સ્ટાર્સને ઓળખ મળવી જોઈએ, પરંતુ એટલી હદ સુધી નહીં કે તે નિર્માતાઓને હેરાન કરવા લાગે. એક વ્યવસ્થા હતી કે પ્રોડ્યુસર સેટ પર સ્ટાર્સના ડ્રાઈવર અને તેના આસિસ્ટન્ટનો ખર્ચ ઉઠાવતો હતો. મને આ પ્રથા બહુ વિચિત્ર લાગી. મેં વિચાર્યુ કે ડ્રાઈવર અને આસિસ્પપરેપટન્ટ મારા માટે કામ કરે છે, તો પ્રોડ્યુસર કેમ તેનો ખર્ચ ઉઠાવી રહ્યો છે? જો પ્રોડ્યુસર મારા અંગત સ્ટાફનો ખર્ચ ઉઠાવી રહ્યો છે, તો શું એનો અર્થ એ છે કે તે મારા બાળકોની સ્કૂલ ફી પણ ભરવાનું શરૂ કરી દેશે? આ બધુ ક્યારે અટકશે?’’આમિર ખાને આગળ જણાવ્યું કે, “પ્રોડ્યુસરે માત્ર એ જ ખર્ચ ઉઠાવવો જોઈએ, જેનો ફિલ્મ સાથે સીધો સંબંધ હોય.

# દૃશ્યમ 3 : ૫ ડ્રાફ્ટ પછી સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ, આગામી મહિનાથી શૂટિંગ શરૂ થશે

**“જો દર્શકો દૃશ્યમ ૨ જેવી ભારે સસ્પેન્સની અપેક્ષા રાખે છે, તો તેઓ નિરાશ થશે.” : જોસેફ**

મૂળ મલયાલમ દૃશ્યમ ૩ના ડિરેક્ટર જીતુ જોસેફે ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મ અંગે મોટી અપડેટ આપી છે. તેમણે ખુલાસો કર્યો કે સ્ક્રિપ્ટ પૂરી થઈ ગઈ છે અને શૂટિંગ આવતા મહિને શરૂ થશે. આ ફિલ્મમાં મોહનલાલ મુખ્ય ભૂમિકામાં છે, આ ફિલ્મ હિન્દીમાં ડબ થઈને પણ રીલીઝ થવાની છે. એક પોડકાસ્ટની વાતચીત દરમિયાન જીતુ જોસેફે એમ પણ કહ્યું હતું કે સ્ક્રિપ્ટ પૂર્ણ કરવા માટે તેને પાંચ ડ્રાફ્ટ લાગ્યા હતા, કારણ કે શરૂઆતમાં તેમની દિકરીઓને સ્ક્રિપ્ટ ગમી ન હતી. જોસેફે પ્રેક્ષકોને ખાતરી આપી હતી કે દૃશ્યમ ૩ પહેલા બે ભાગોથી અલગ હશે, પરંતુ ચેતવણી પણ આપી હતી કે જો ચાહકો બીજી ફિલ્મ જેવી વધારે પડતી સસ્પેન્સની અપેક્ષા રાખશે તો તેઓ નિરાશ થઈ શકે છે. જીતુ જોસેફે આગળ જણાવ્યું કે, “મને ખાતરી છે કે દૃશ્યમનો ત્રીજો હપ્તો દર્શકોને પસંદ આવશે.’’ જોસેફે જણાવ્યું હતું કે, “હું દૃશ્યમ ૧ અને ૨થી ખુશ છું અને દૃશ્યમ ૩ એક સારી ફિલ્મ બનવાની છે. મને ખબર નથી કે બોક્સ ઓફિસ પર શું થશે, પરંતુ મેં મોહનલાલને અભિનેતા તરીકે નહીં પણ જ્યોર્જ કુટ્ટીના પાત્રની સહજ સફર પર જ ધ્યાન



આપ્યું છે, ચાર વર્ષે તેમાં જે ફેરફાર થવા જોઈએ તે કરવાની કોશિશ કરી છે.’’ તેમણે ઉમેર્યું, “સ્ક્રિપ્ટનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. મારી એપ્રિલમાં યુરોપની ટુર હતી, તેથી મુસાફરી કરતી વખતે મેં સ્ક્રિપ્ટ લખી હતી, અને એમ્સ્ટરડેમથી દુબઈની ફ્લાઈટમાં, મેં સીનનો ક્રમ પૂરો કર્યો. તે પછી હું અહીં આવ્યો અને મારે વલાડવિસ્તા કલાનનું આ શૂટિંગ હતું, તેથી હું દરરોજ સવારે ૩:૩૦ વાગ્યે જાગી જતો, બે કે ત્રણ દ્રશ્યો લખતો અને તે રીતે મેં સ્ક્રિપ્ટ પુરી કરી.’’ તેમણે ઉમેર્યુ કે તેમણે સ્ક્રિપ્ટ પૂરી કરી અને તેમની પુત્રીઓને આપી દીધી. “ફર્સ્ટ હાફ પછી, હું તેમને મળ્યો, મેં ચર્ચા કરી અને પછી તેમણે બીજો ભાગ વાંચ્યો. તેથી એકવાર તે પ્રક્રિયા પૂર્ણ થઈ જાય, મેં મારા કેમેરામેન અને એડિટરને પૂછ્યું કે આપણે ચારેય સાથે સ્ક્રિપ્ટ વાંચીએ અને તેમના કેટલાક સૂચનો હતા; એ સામાન્ય વાત છે.’’ “ફર્સ્ટ હાફ પછી, હું તેમને મળ્યો, મેં ચર્ચા કરી અને પછી તેમણે બીજો ભાગ વાંચ્યો. તેથી એકવાર તે પ્રક્રિયા પૂર્ણ થઈ જાય, મેં મારા કેમેરામેન અને એડિટરને પૂછ્યું કે આપણે ચારેય સાથે સ્ક્રિપ્ટ વાંચીએ અને તેમના કેટલાક સૂચનો હતા; એ સામાન્ય વાત છે.’’ પાછળથી, જોસેફે બીજા ડ્રાફ્ટ પર ફરીથી કામ કર્યુ, પછી ત્રીજા અને તે પાંચ ડ્રાફ્ટ સુધી ગયું. ફિલ્મથી ચાહકોની અપેક્ષાઓ વિશે તેમણે દાવો કર્યો હતો કે “જો દર્શકો દૃશ્યમ ૨ જેવી ભારે સસ્પેન્સની અપેક્ષા રાખે છે, તો તેઓ નિરાશ થશે.’’

### ૮૦૦ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનાવાયું છે

# નવા સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં આધુનિક સુવિધાઓ છે

## અમદાવાદના આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં અનેક ઈન્ડોર અને આઉટડોર ગેમ્સની સુવિધા ઉભી કરવામાં આવી છે




। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં નારણપુરા ખાતે બનાવવામાં આવેલા નવા આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું ઉદ્ઘાટન કર્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું નામ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ રાખવામાં આવ્યું છે. આ નવા સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં આધુનિક સુવિધા છે. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં અનેક ઈન્ડોર અને આઉટડોર ગેમ્સની સુવિધા ઉભી કરવામાં આવી છે. કોમનવેલ્થ અને ઓલિમ્પિક્સ જેવી ગેમ્સ રમાઈ શકે તેવી સુવિધા આ સ્પોર્ટ્સ કોન્પલેક્સમાં ઉભી કરવામાં આવી છે. ૮૦૦ કરોડના ખર્ચે આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનાવવામાં આવ્યું છે.

**૧. બ્લોક એ – એક્વેટીક્સ સ્ટેડીયમ**

- કોમ્પીટીશન સ્વીમીંગ પુલ- આંતરરાષ્ટ્રીય કક્ષાની માર્થા ટેકનોલોજી દ્વારા નિર્માણ પામેલ સ્વીમીંગ પુલ
- ડાઈવિન પુલ - આંતરરાષ્ટ્રીય કક્ષાની માર્થા ટેકનોલોજી દ્વારા નિર્માણ પામેલ ડાઈવગ પુલ
- ૧૨૫૦ વ્યક્તિઓની બેઠક વ્યવસ્થા
- મેડીકલ સર્વિસ વિથ ડોક્ટર રૂમ અને ફીઝીયોથેરાપીસ્ટ રૂમ
- ખેલાડીઓ માટે તેઓની જરૂરિયાત મુજબના ચેન્જરૂમ અને ઝાકુઝીની અત્યાધુનિક સુવિધા
- કોચ રૂમ
- ખેલાડીઓને તાલીમ માટે જરૂરી જીમની સુવિધા
- એક્વેટીક્સ સ્ટેડીયમની બાજુમાં આઉટડોર સ્વીમીંગ પુલ.
- અન્ય માળખાકીય સુવિધાઓ

**૨. બ્લોક બી – સેન્ટર ફોર એક્સેલન્સ સ્પોર્ટ્સ**

- આ સેન્ટર ફોર એક્સેલન્સ સ્પોર્ટ્સ (બ્લોક બી)નું સંચાલન સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા તેઓની સેન્ટર ઓફ એક્સેલન્સની યોજના અંતર્ગત કરવામાં આવનાર છે.
- ગ્રાઉન્ડ ફ્લોર પર મલ્ટીપર્પઝ હોલ(૪૨ મી. ઠ ૨૪ મી.) જેમાં ટેકવાન્ડો અને વુશું રમતનું સેન્ટર ઓફ એક્સેલન્સ
- બ્લોક બી માં આવેલ બે અલગ અલગ મલ્ટીપર્પઝ હોલ (૪૨મી. ઠ ૨૪ મી.)માં બાસ્કેટબોલ અને વોલીબોલ રમતનું સેન્ટર ઓફ એક્સેલન્સ
- ૩૦૦ ખેલાડીઓની નિવાસની સુવિધા
- કોચના નિવાસની સુવિધા
- ડોક્ટર રૂમ અને ફીઝીયોથેરાપીસ્ટ રૂમ
- ખેલાડીઓના વિવિધ તાલીમ માટેના અલગ રૂમોની વ્યવસ્થા.

**૩. બ્લોક સી – ઇન્ડોર મલ્ટીસ્પોર્ટ્સ અરેના**

- આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તેવો મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ (૮૧.૮૦ મી. ઠ ૪૫ મી. નો ફિલ્ડ ઓફ પ્લે એરિયા ) જેમાં આ સ્પર્ધાના આયોજન માટેની જરૂરી તમામ અત્યાધુનિક આનુંશાગિક વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવેલ છે.
- ૫૫૦૦ થી વધુ વક્તિઓ માટેની બેઠક વ્યવસ્થા
- ટ્રેનીંગ માટેનો અલગથી મલ્ટીપર્પઝ હોલ
- ખેલાડીઓ માટે જરૂરી તમામ સુવિધાઓ સાથેનો ચેન્જરૂમ
- ખેલાડીઓની તાલીમ માટે જીમ, તાલીમ રૂમ, મેડીકલ રૂમ,
- ફૂડ કોર્ટ એરિયા
- એડમીન એરિયા
- અન્ય માળખાકીય સુવિધાઓ

૪.બ્લોક ડી – કમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર

- બેડમિન્ટન કોર્ટ – ૦૬
- ટેબલ ટેનીસ કોર્ટ – ૦૬
- સ્કોશ કોર્ટ – ૦૬

---

**પાલડી વિસ્તારમાં નૈશલ ઠાકોરની હત્યાનો મામલો, પોલીસે તમામની પૂછપરછ કરતા હત્યા કેસનો ખુલાસો**

# ભાઈની હત્યાનો બદલો લેવા ચોટલી ન કાપવાની બાધા રાખી

## નસો કામ કરવાનું બંધ કરી દેશેઃ વિટામિન B12ની કમીથી નસોના ફંક્શન નબળા થઈ જશે, આ મસ્તિષ્ક અને તંત્રિકા તંત્રના ફંક્શનને બનાવી રાખવામાં મદદ કરે છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

૧૨ પહેલા સપ્ટેમ્બરના રોજ પાલડી વિસ્તારમાં નૈશલ ઠાકોરની નિર્દય હત્યા મામલે પોલીસે મોટી સફળતા મળી છે. આ ઘટનામાં પોલીસે ૭ આરોપીઓની અટકાયત કરી છે, જેમાંથી બે મુખ્ય આરોપીઓ છે. ખાસ વાત એ છે કે, આ આરોપીઓમાંથી ત્રણને રાજસ્થાનના આબુમાંથી ઝડપી લેવાયા છે, જ્યારે બાકીના ચાર આરોપીઓ અમદાવાદ અને ગાંધીનગરમાંથી પકડાયા છે. પોલીસે આ તમામની પૂછપરછ કરતા હત્યા કેસનો ખુલાસો થયો છે.

ઉલ્લેખની છે કે, ૧૨ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે પાલડીના અંજલી ઓવરબ્રિજ નજીક આ ઘટના બની હતી. અજાણ્યા શખસોએ નંબર પ્લેટ વિનાની કારથી નૈશલ ઠાકોર નામના યુવકને ટક્કર મારી હતી. ત્યારબાદ આ શખ્સો કારમાંથી ઉતર્યા અને નૈશલ પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. નૈશલને ઉપરાછાપરી છરીના ઘા ઝીંકવામાં આવ્યા હતા, જેના કારણે તેનું મૃત્યુ થઈ ગયું હતું.



આરોપીઓની ધરપકડપોલીસે બે દિવસની સઘન તપાસ બાદ ૭ આરોપીઓની અટકાયત કરી છે. આમાંથી મુખ્ય આરોપી ૩૨ વર્ષીય અજય ઠાકોર છે. પોલીસે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં મૃતક નૈશલ ઠાકોરે, આરોપી અજય ઠાકોરના ભાઈ મહેશનું મર્ડર કર્યું હતું. જેનો બદલો લેવા માટે આરોપી અજયે બાધા લીધી હતી કે, તે તેના ભાઈની હત્યાનો બદલો ન લે, ત્યા સુધી ચોંટી નહીં કાપે, આ બાદ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો. પોલીસે બે દિવસની સઘન તપાસ બાદ ૭ આરોપીઓની અટકાયત કરી છે. આમાંથી મુખ્ય આરોપી ૩૨ વર્ષીય અજય ઠાકોર છે. પોલીસે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં મૃતક નૈશલ ઠાકોરે, આરોપી અજય ઠાકોરના ભાઈ મહેશનું મર્ડર કર્યું હતું. જેનો બદલો લેવા માટે આરોપી અજયે બાધા લીધી હતી કે, તે તેના ભાઈની હત્યાનો બદલો ન લે, ત્યા સુધી ચોંટી નહીં કાપે, આ બાદ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો. બીજા આરોપીમાં મહેશ ઉર્ફે ટાટા, સુરેશ ચૌહાણ, શૈલેષ ઠાકોર, સૌરભ ઠાકોર, સગીર, રોહન ઠાકોર, સંજય ઠાકોર (મર્ડરમાં ગાડીનો ઉપયોગ કર્યો હતો તેનો માલિક) નો સમાવેશ થાય છે. આ મર્ડરનું પ્લાનિંગ અજય દ્વારા ૩-૪ દિવસથી કરવામાં આવી રહ્યું હતું. તેના માટે આ આરોપીઓ ૧૧ તારીખની રાત્રે શૈલેષ ઠાકોર (ST) ના ઘરે મળીને હત્યાનું પ્લાનિંગ કરીને ૨-૩ લોકોને રેકી કરવા માટે મોકલવામાં આવે છે.

મૃતકની તમામ માહિતી લઈને તેનો પીછો કરે છે અને આખરે ૪:૩૦ આસપાસ મોકો જોઈને બધા લોકો તેની હત્યા કરી નાખે છે. આ બાધ તમામ આરોપીઓ મકરબા આવી જાય છે અને ગ્રુપ બનાવીને અલગ અલગ જગ્યા ભાગી જાય છે.

---

# સુરતના ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાઓની નોટીસ આપી છે



**આયોજકોએ ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે કે, નવરાત્રિ દરમિયાન ઘટના બનશે તો સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે, નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી**

। (માહિતી) સુરત, તા.૧૫ ।

નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે. ત્યારે સુરતના ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે. સાથે જ નવો નિયમ લાગુ કર્યો કે, નવરાત્રી આયોજકોએ ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે કે, નવરાત્રિ દરમિયાન ઘટના બનશે તો સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે. ગરબા કરવા આવનારા લોકોની યાદી રાખવી પડશે. આગામી નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે આયોજકોએ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડે તે પહેલાં ઊભા થનારા મંડપો અને ટેમ્પરરી સ્ટ્રક્ચરો માટે સુરત મનપા ફાયર વિભાગ હરકતમાં આવી છે. સુરતના ફાયર વિભાગે ગરબા આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે અને તેનું પાલન કરવાની સૂચના આપી છે. આ ઉપરાંત નિયમોના પાલન અંગે ફાયર ઉપરાંત પોલીસ, ટ્રાફિક, કોર્પોરેશન સહિતના વિભાગોની પણ NOC ફરજિયાત રજૂ કરવી પડશે. આગ-અકસ્માતની ઘટના નિવારવા આયોજકોને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર સોગંદનામુ લખીને આપું પડશે. નોટરી કરાવી ફાયર વિભાગની એનઓસી લેવી પડશે. નવરાત્રિના આયોજનોમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થાય છે, તેથી ગરબા કરવા આવનારા લોકોની યાદી આયોજકોએ રાખવી પડશે.તેમજ ફાયર NOC મેળવવા ગુજરાત સરકારની વેબસાઈટ અરજી કરી ફાયર અભિપ્રાય મેળવવો ફરજિયાત રહેશે. ફાયર વિભાગે આયોજકોને ૩૦ મુદ્દાની નોટીસ આપી છે તેમાં સ્પષ્ટ લખાયું છે કે, નવરાત્રિ દરમિયાન ઘટના બનશે તો સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે. આ માટે સુરત શહેરમાં નવરાત્રિ આયોજકોએ ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે. નવરાત્રી મંડપો માટે આ નિયમો ફરજિયાત કરાયા, વાયરિંગ પ્રમાણિત ઈજનેર પાસે ચેક કરાવવું પડશે. મંડપ અને ટેમ્પરરી સ્ટ્રક્ચર સ્કૂલ, હોસ્પિટલ કે જ્વલનશીલ પદાર્થના ગોડાઉન જેવા જોખમી સ્થળોથી દૂર રાખવો, આયોજન સ્થળ મુખ્ય માર્ગથી ૪૫ મીટરથી વધારે દૂર રાખવો નહીં. ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ભઠ્ઠી, ટ્રાન્સફોર્મર, હાઈટેન્શન લાઈન કે રેલવે લાઈનથી ૧૫ મીટર દૂર રાખવાનો રહેશે. સ્ટ્રક્ચર કે મંડપની અંદર સ્ટોલ કે સ્ટેજ નીચે જ્વલનશીલ પદાર્થો રાખવા નહીં. પ્રવેશદ્વારની ઉંચાઈ અને પહોળાઈ ૫ મીટર હોવી જોઈએ.ફરજિયાત બે “EMERGENCY EXIT” તથા ઈમરજન્સી લાઈટિંગ/સાઈનેજ ગોઠવવા. આયોજન સ્થળે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવો નહીં, દરેક ૧૦૦ ચો.મી. અંતરે છમ્ઝ તથા ઝ્ર૨ ફાયર એસ્ટિંગ્યુઝર ફરજિયાત મુકવા. ઈલેક્ટ્રિક વાયરિંગ પ્રમાણિત ઈજનેરની ચકાસણી સાથે જ કરાવવું. LPG સિલિન્ડર, ફટાકડા, રસોઈ સાધનો, ખુલ્લી જ્યોતનો સંપૂર્ણ પ્રતિબંધ. સ્વયંસેવકો ૨૪ કલાક હાજર રાખવા. જો સૂચનાઓનું પાલન ન થાય અને આગ અકસ્માત બને તો તેની સંપૂર્ણ જવાબદારી મંડપ સંચાલકો, આયોજકોની રહેશે, તેમ પણ ફાયર વિભાગે સ્પષ્ટ કર્યું છે.

---

# હોટલની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ



। (માહિતી) સુરત, તા.૧૫ ।

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં એક હોટલની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલ (AHTU) દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, જેમાં ૧૩ થાઈલેન્ડની યુવતીઓ, ૫ ગ્રાહકો અને ૪ સંચાલકો સહિત કુલ ૨૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીથી શહેરમાં ચાલતા આવા ગેરકાયદેસર ધંધાઓ પર પોલીસની નજર કેટલી સખત છે તે ફરી એકવાર સાબિત થયું છે. આ ઘટના વિશે મળતી માહિતી મુજબ, AHTU ટીમને ગુપ્ત રાહે જાણવા મળ્યું હતું કે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક હોટલમાં કૂટણખાનું ચાલી રહ્યું છે. આ માહિતીના આધારે, પોલીસે એક ડમી ગ્રાહક મોકલીને તપાસ કરી અને પુષ્ટિ મળતાં જ તુરંત રેડ કરી હતી. આ દરમિયાન, પોલીસ ટીમે સ્થળ પરથી ૧૩ થાઈલેન્ડની યુવતીઓને મુક્ત કરાવી હતી, જેઓ દેહવ્યાપાર માટે ત્યાં રાખવામાં આવી હતી. આ ઉપરાંત, ત્યાં હાજર ૫ ગ્રાહકોને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર ગેરકાયદેસર ધંધાનું સંચાલન કરતા ૪ આરોપીઓને પણ પોલીસે ઝડપી પાડ્યા છે. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ ચાલી રહી છે. આ ઓપરેશન એ બતાવે છે કે સુરત પોલીસ માનવ તસ્કરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિરુદ્ધ સતત સક્રિય છે.

---

# વડોદરા પોલીસનો નવરાત્રિને લઈ એક્શન પ્લાન તૈયાર

**પોલીસ તંત્ર દ્વારા જે રીતે આગમન પૂર્વેના રિહર્સલથી લઈને વિદાય થતાં સુધી જે રીતે ટ્રાફીકનો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે**



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

વિશ્વવિખ્યાત નવરાત્રિ પર્વને લઈ વડોદરા જિલ્લા પોલીસ એક્શનમાં આવી ગઈ છે, શાંતિપૂર્ણ નવરાત્રિ પર્વ ઉજવાય તે માટે પોલીસ બની સજ્જ અને જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે તૈયાર કરી નવી એસઓપી, નવરાત્રિ પર્વમાં પોલીસ ગોઠવશે ચાંપતો બંદોબસ્ત અને ગરબા સ્થળો પર પણ મહિલા પોલીસ પરંપરાગત વસ્ત્રોમાં રહેશે તૈનાત સાથે સાથે ગરબા આયોજકો સાથે બેઠક કરી હેલ્પ ડેક્સ પણ શરૂ કરવામાં આવશે તેવો પ્લાન પોલીસે કર્યો છે. ઉત્સવપ્રીય નગરીમાં ઉજવાતા નવરાત્રી મહોત્સવના કાઉન્ટ ડાઉન શરુ થઈ ચુક્યા છે. રાત્રી બીફોર નવરાત્રિના ઢોલ ઢબુકી ચુક્યા છે. નવરાત્રિ પર્વના આ ૧૦ દિવસ શહેરમાં ગરબા પુરા થયાં પછી પણ અડધી રાત સુધી રાજમાર્ગો ઉપર ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાય છે. દિવસ કરતાં રાતની ટ્રાફિકની સમસ્યા શહેર પોલીસ તંત્ર માટે સૌથી મોટો પડકાર બની રહ્યો છે. સામાન્ય રીતે મુખ્યમંત્રી અથવા કેન્દ્રીય નેતાઓ ગરબા મેદાન ઉપર આરતી કરવા માટે આવતા હોય છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા જે રીતે આગમન પૂર્વેના રિહર્સલથી લઈને વિદાય થતાં સુધી જે રીતે ટ્રાફીકનો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. ૨૨૦.૩૩ સ્ક્વેયર કિલોમીટરમાં વિસ્તરેલાં શહેરમાં ટુ વ્હિલર, થ્રી વ્હિલર અને ફોર વ્હિલરની સંખ્યા ૨૦ લાખને આંબી ચુકી છે. નવરાત્રિ મહોત્સવને બાદ કરતાં આખા વર્ષ દરમિયાન ૩૬૫ દિવસ ટ્રાફીકની સમસ્યા રહે છે. નવરાત્રીના ૯ દિવસ આ સમસ્યા દિવસ કરતાં રાતે વધુ વકરે છે. વડોદરા શહેર ટ્રાફીક પોલીસ તંત્રના ટ્રાફીક પોલીસ વિભાગમાં ૨ ડી.સી.પી., ૨ એ.સી.પી., ૧૨ પી.આઈ. અને ૪૪૦ પોલીસનું મહેકમ છે. ટ્રાફિક નિયમન માટે ૮૫૦ જેટલા ટ્રાફીક બ્રિગેડના જવાનો ટ્રાફીક પોઈન્ટ ઉપર ફરજ બજાવે છે.

---

# ૨૨ વર્ષીય યુવતી પર જીજાજીએ અનેકવાર માણ્યું શરીરસુખ

**૨૨ વર્ષિય યુવતી પર જેતપુર રહેતા કૌટુંબિક જીજાજીએ દુષ્કર્મ આચરીને તેણીના ફોટો પાડી લીધા હતા**



। (માહિતી) રાજકોટ, તા.૧૫ ।

રાજકોટ શહેરમાં ફરી એકવાર માનવતાને શરમજનક બનાવે તેવી ઘટના સામે આવી છે. જેમાં એક ૨૨ વર્ષીય યુવતી પર તેના કૌટુંબિક જીજાજીએ દુષ્કર્મ આચર્યું હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ ઘટનામાં આરોપીએ દુષ્કર્મ આચર્યા બાદ યુવતીને બ્લેકમેલ કરી ધમકી આપી હતી કે જો તે આ વાત કોઈને કહેશે તો તે દવા પીને આત્મહત્યા કરી લેશે. શહેરની ૨૨ વર્ષીય યુવતીએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જેતપુરમાં રહેતા તેના કૌટુંબિક જીજાજી કેવલ જયંતિભાઈ સીતાપરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, બોરડી સમઢીયાળા ગામે એક પ્રસંગમાં આરોપી કેવલે યુવતી સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે યુવતીએ આ વાતની જાણ પરિવારને કરવાની ધમકી આપી, ત્યારે આરોપીએ લાગણીશીલ બ્લેકમેલનો સહારો લીધો. તેણે યુવતીને કહ્યું કે તેની પત્ની બીજા સાથે વાત કરે છે અને તે તેની સાથે છૂટાછેડા લઈને યુવતી સાથે લગ્ન કરશે. આવી લાલચ આપીને તેણે યુવતીના ઘરે અને પછી એક હોટેલમાં પણ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા. આરોપીએ દુષ્કર્મ દરમિયાન યુવતીના અશ્લીલ ફોટા પણ પાડી લીધા હતા. બાદમાં આ ફોટા વાઈરલ કરવાની અને દવા પીને આત્મહત્યા કરી લેવાની ધમકી આપીને યુવતીને બ્લેકમેલ કરતો રહ્યો. યુવતીએ આ બ્લેકમેલથી કંટાળીને આખરે પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લીધો. પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપી કેવલ સીતાપરા સામે ગુનો નોંધી તેને ઝડપી પાડ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં કૌટુંબિક સંબંધોની પવિત્રતા અને સ્ત્રીઓની સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### આસામમાં અફઘાનિસ્તાન જેટલી તીવ્રતાનો ભૂકંપ આવ્યો

। (એજન્સી) ગુવાહાટી, તા.૧૫ ।

રવિવારે અચાનક ધરતી ધ્રુજવા લાગતાં આસામના લોકો ગભરાઈ ગયા હતા. રાજ્યના ઉદલગુરી નજીક ભૂકંપ નો જોરદાર આંચકો અનુભવાયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ માપવામાં આવી હતી. ભૂકંપ એટલો જોરદાર હતો કે આસામની સાથે ભૂટાનથી પશ્ચિમ બંગાળ સુધીના કેટલાક વિસ્તારો પણ હચમચી ગયા હતા. ભૂકંપને કારણે અત્યાર સુધી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. ખાસ વાત એ છે કે તાજેતરમાં અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપની તીવ્રતા પણ રિક્ટર સ્કેલ પર ૬ માપવામાં આવી હતી, જે ૫.૮ કરતા માત્ર ૨ પોઈન્ટ વધુ છે. આ ભૂકંપમાં ૨૨૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા અને ઘણા ઘરો નાશ પામ્યા હતા. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે, "આસામમાં આજે ૫.૬ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર ઉદલગુરી નજીક હતું. અત્યાર સુધી કોઈ મોટા નુકસાન કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

### ૫૦% ટેરિફનો તોડ કાઢવા પુતિન પોતાના ખાસ માણસને ભારત મોકલશે

। (એજન્સી) મોસ્કો, તા.૧૫ ।

અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ઊંચા ટેરિફ વચ્ચે, રશિયાના નાયબ વડા પ્રધાન દિમિત્રી પાત્રુશેવ આ મહિને ભારતની મુલાકાત લેવાના છે. તેમની આ મુલાકાતનો મુખ્ય હેતુ કૃષિ ક્ષેત્રમાં દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવવાનો છે, ખાસ કરીને ભારત માંથી ઝીંગાની આયાત વધારવા અને રશિયા માંથી ખાતરનો પુરવઠો સુનિશ્ચિત કરવા પર ચર્ચા થશે. આ પગલું ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૫૦% ટેરિફ લાદવા બાદ ભારતીય નિકાસકારોને વૈકલ્પિક બજાર પૂરું પાડવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. દિમિત્રી પાત્રુશેવ કૃષિ ક્ષેત્રના જાણીતા નિષ્ણાત છે અને તેમની મુલાકાત દરમિયાન તેઓ ભારતના મુખ્ય મંત્રીઓને મળીને વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવશે. અત્યાર સુધી, ભારતીય ઝીંગાની નિકાસ માટે અમેરિકા સૌથી મોટું બજાર રહ્યું છે, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફને કારણે આ વેપાર પર ગંભીર અસર પડી છે.

### ઓપરેશન સિંદૂર વખતે ભારતીય સૈન્યને આપેલી છૂટ સરકારે પાછી નથી ખેંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઓપરેશન સિંદૂર ચાલુ જ હોવાનો ઉલ્લેખ કરતા, વેસ્ટર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ મનોજ કટિયારે કહ્યું કે, જો પાકિસ્તાન અથવા તેના દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠનો ફરીથી ભારતના કોઈ પણ પ્રદેશમાં આતંકવાદી હુમલો કરશે, તો આ વખતે અમારો જવાબ પહેલા કરતા પણ વધુ જડબાતોડ હશે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર માત્ર એક યુદ્ધ જ નહીં, પરંતુ પાકિસ્તાનના કોઈપણ દુશ્મનાવટભર્યા પ્રયાસનો સામનો કરવા માટે અમારી તૈયારી પણ હતી. અમારી તૈયારી હજુ પણ ચાલુ છે. પાકિસ્તાને એ ના ભૂલવું જોઈએ કે, ઓપરેશન સિંદૂર સમયે ભારત સરકારે ભારતીય સૈન્યને જે ફ્રિ હેન્ડ આપેલ તે હજુ પણ યથાવત જ છે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં વિજયની ડાયમંડ જ્યુબિલી ઉજવણી પ્રસંગે મીડિયાને સંબોધતા લેફ્ટનન્ટ જનરલ કટિયારે કહ્યું કે ૧૦ મેના રોજ યુદ્ધવિરામ બાદ સરહદી જમીન પર પરિસ્થિતિ શાંત છે. વરિષ્ઠ લશ્કરી અધિકારીએ આશા વ્યક્ત કરી કે, ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન હવે ફરી કંઈ કરવાની હિંમત નહીં કરે. તેમણે કહ્યું, પરંતુ અમને આ અંગે સંપૂર્ણ ખાતરી નથી. અમને લાગે છે કે પાકિસ્તાન અથવા પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠનો ફરીથી દેશમાં આતંકવાદી હુમલો કરી શકે છે, આવી સ્થિતિમાં અમારી પાસે યોગ્ય જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ નથી. અમે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ વખતે અમારો જવાબ પહેલા કરતા પણ વધુ કડક હશે. આ માટે, અમારું ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે. લેફ્ટનન્ટ જનરલ કટિયારે કહ્યું કે, પહલગામ આતંકવાદી હુમલાનો મુખ્ય હેતુ જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો હતો.

NATO દેશોને ટ્રમ્પની હાકલ

# રશિયા-યુક્રેનનું યુદ્ધ સમાપ્ત ન થાય ત્યાં સુધી ચીન પર ૧૦૦% ટેરિફ લગાવો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નાટો (NATO) સાથી દેશોને રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત ન થાય ત્યાં સુધી ચીન પર ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવા સહિત મોસ્કો પર દબાણ લાવવા માટે વ્યાપક પગલાં લેવાની વાત કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર એક લાંબી પોસ્ટમાં ડોનાલ્ડ ટ્રમ્પે તમામ નાટો દેશો અને વિશ્વને પત્ર મોકલ્યો હોવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, વોશિંગ્ટન રશિયા પર મોટા પ્રતિબંધો સાથે આગળ વધવા માટે તૈયાર છે, પરંતુ ફક્ત ત્યારે જ જો યુરોપિયન ભાગીદારો રશિયન તેલની ખરીદી બંધ કરે અને સંકલિત કાર્યવાહીમાં જોડાય.



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બધા નાટો રાષ્ટ્રો અને વિશ્વને મોકલવામાં આવેલ પત્રમાં લખ્યું કે, જ્યારે તમામ નાટો દેશો સંમત થાય અને તે જ શરૂઆત કરે અને જ્યારે બધા નાટો દેશો રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરે, ત્યાર પછી હું રશિયા પર મોટા પ્રતિબંધો લગાવવા તૈયાર છું. જેમ તમે જાણો છો, જીત માટે નાટોની પ્રતિબદ્ધતા ૧૦૦% કરતા ઘણી ઓછી રહી છે, અને કેટલાક લોકો દ્વારા રશિયન તેલની ખરીદી આઘાતજનક રહી છે! તે રશિયા પર તમારી વાટાઘાટોની સ્થિતિ અને સોદાબાજી કરવાની શક્તિને ખૂબ નબળી પાડે છે. ટ્રમ્પે વધુમાં લખ્યું કે, મારું માનવું છે કે રશિયા અને યુક્રેન સાથેના યુદ્ધ પછી સંપૂર્ણપણે પૂર્ણ ના થાય ત્યાં સુધી નાટો ચીન પર ૫૦% થી ૧૦૦% ટેરિફ લગાવે, જેથી આ ઘાતક, પરંતુ હાસ્યાસ્પદ, યુદ્ધને સમાપ્ત કરવામાં પણ ખૂબ મદદ મળશે. ચીનનું રશિયા પર મજબૂત નિયંત્રણ અને પકડ પણ છે અને આ શક્તિશાળી ટેરિફ તે પકડ તોડી નાખશે. આ યુદ્ધ (જો હું રાષ્ટ્રપતિ હોત તો તે ક્યારેય શરૂ થયું ન હોત!), તે બિડેન અને ઝેલેન્સકીનું યુદ્ધ છે.

જયપુરમાં મોટો રોડ અકસ્માત

# ઓવરસ્પીડ કાર નાળામાં ખાબકી, એક જ પરિવારના સાતના મોત

। (એજન્સી) જયપુર, તા.૧૫ ।

રાજસ્થાનના જયપુરના શિવદાસપુરા વિસ્તારમાં રિંગરોડ પર મોટો અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ગતિએ જઈ રહેલી કાર બેકાબૂ થઈને અંડર બાયપાસમાં ખાબકી, જેમાં ૭ લોકોના કરૂણ મોત નીપજ્યા. મૃતકોમાં બે બાળકો અને બે મહિલાઓ પણ સામેલ છે. દુર્ઘટનામાં એક જ પરિવારના સાત લોકોના મોતના સમાચારથી મૃતકોના ગામ અને પરિવારમાં માતમ છવાયો છે. મળતી માહિતી અનુસાર, કાલૂરામ પોતાના પરિવાર સાથે હરિદ્વારથી પરત ફરી રહ્યા હતા. તેઓ પોતાના પિતાની અસ્થિને ગંગામાં વિસર્જિત કરીને પરત ફરી



રહ્યા હતા. આ સમયે શિવદાસપુરા નજીક તેમની ગાડી અચાનક બેકાબૂ થઈને બાયપાસમાં ખાબકી. દુર્ઘટના એટલી ખતરનાક હતી કે તમામના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા. દુર્ઘટનામાં કાલૂરામ અને તેમની પત્ની સીમા, ભાઈ રામરાજ અને પત્ની મધુ, ૧૪ મહિનાનો દીકરો રૂદ્ર, રોહિત અને તેમનો ત્રણ વર્ષ દીકરો ગજરાજ સામેલ છે. પરિવાર મૂળ અજમેર જિલ્લાના કેકડી અને જયપુરના વાટિકા ક્ષેત્રનો રહેવાસી છે. એક જ પરિવારના સાત લોકોના મોતથી સમગ્ર પંથકમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના શિવદાસપુરા વિસ્તારમાં પ્રહ્લાદપુરા નજીક બની. એક પૂરપાટ ઝડપે જઈ રહેલી કાર ડિવાઈડર સાથે અથડાઈને રિંગરોડથી લગભગ ૧૬ ફૂટ નીચે જઈને ખાબકી. કાર એક અંડરપાસમાં ખાબકતા પાણી ભરાયું હતું. સ્થાનિક લોકોએ રવિવાર બપોરે દુર્ઘટનાગ્રસ્ત કારને પાણીથી ભરેલા અંડરપાસમાં ઉંધી પડેલી જોઈ.

# દેશનો GDP ગ્રોથ ઊંચો છતાં રઘુરામ રાજન ચિંતિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતની અર્થવ્યવસ્થા પ્રથમ ત્રિમાસિકમાં ૭.૮ ટકાના દરે ગ્રોથ કરી રહી છે. જે છેલ્લા ૫ ાંચ ત્રિમાસિકની ટોચે છે. પરંતુ આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને આ આંકડા પર પણ શંકા વ્યક્ત કરતાં ઊંડાણપૂર્વક વિચારણા કરવાની જરૂરિયાત દર્શાવી છે.

રઘુરામ રાજને કહ્યું કે, મજબૂત ગ્રોથના આંકડા આવકારીએ છીએ, પણ તેની પાછળનું વાસ્તવિક કારણ પણ જાણવુ એટલું જ જરૂરી છે. જ્યારે પણ આંકડા વધે છે, ત્યારે આનંદ થવો સ્વાભાવિક છે. પણ સવાલ એ છે કે, શા કારણોસર આટલો ગ્રોથ નોંધાયો?

રાજને ભારતના ઈકોનોમી ગ્રોથ પર બે મોટી ચિંતા વ્યક્ત કરી છે. એક ખાનગી રોકાણમાં મંદી, બીજુ રોજગાર સર્જનમાં ઘટાડો. દેશના ટકાઉ વિકાસ માટે ખાનગી રોકાણ આવશ્યક છે. બીજુ દેશના વિકાસનો લાભ સામાન્ય પ્રજા સુધી પહોંચાડવામાં રોજગારી સર્જન મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતમાં મોંઘવારીની ગણતરી કરવાની રીત પણ સંપૂર્ણપણે રજૂ થઈ ન રહી હોવાનું પણ જણાવ્યું છે. તેમણે કહ્યું કે, શું આપણે મોંઘવારીને યોગ્ય રીતે ગણી રહ્યા છીએ? જ્યારે અર્થશાસ્ત્રીઓ સાથે વાત કરીએ ત્યારે ખબર પડે છે કે, તેમાં ઘણી મુશ્કેલી છે. કારણકે, વાસ્તવિક મોંઘવારીને સંપૂર્ણપણે રજૂ કરવામાં આવતી નથી. ક્યારેક તે આપણા માટે લાભદાયી હોય છે, તો ક્યારેક નુકસાનકારક.

મોંઘવારીના આ આંકડા હાલ રાહત આપી રહ્યા છે. આજે મોટાભાગનું રોકાણ સરકાર કરી રહી છે. પરંતુ ખાનગી રોકાણમાં ઘટાડો નોંધાયો છે. જે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી ચિંતાનો વિષય બન્યો છે. આ મુદ્દે ધ્યાન આપવાની જરૂર છે. આ સવાલ દરેક અર્થશાસ્ત્રી માટે માથાનો દુઃખાવો બન્યો છે. રઘુરામ રાજને આગળ કહ્યું કે, તાજેતરમાં સારા પાકને કારણે ગ્રામીણ માંગ મજબૂત બની છે. જે અમીર અને ગરીબ વચ્ચેની અસમાનતામાં ઘટાડો કરે છે. પરંતુ શહેરી વિસ્તારોમાં વપરાશ હજુ પણ નબળો છે. આપણને લાંબા ગાળાના ટકાઉ વપરાશની જરૂર છે. આ માટે રોજગારની ખાતરી હોવી જરૂરી છે. શહેરી પરિવારો આ બાબતને લઈને વધુ ચિંતિત છે. વિવિધ કંપનીઓમાં છટણીના અહેવાલ અવારનવાર જોવા મળી રહ્યા છે. આપણી અર્થવ્યવસ્થા જરૂરીયાત મુજબ સારી નોકરીઓનું સર્જન કરી રહી નથી.

# જેલમાંથી છૂટેલા ગુંડાનું ફિલ્મી સ્ટાઇલમાં સ્વાગત

। સુરત, તા.૧૫ ।

કોઈ વ્યક્તિ જેલમાં જાય તો તે સુધરી જતો હોય છે. પરંતુ સુરતમાં એક એવી ઘટના સામે આવી છે જેણે કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાવી દીધા છે. જેમાં કુખ્યાત આરોપી આશિષ ઉર્ફે ચીકનો પાંડેની જેલમુક્તિ બાદ તેનું ફિલ્મી સ્ટાઈલમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજસીટોકના આરોપીના સ્વાગત માટે જેલની બહાર ઘણા સમર્થકો ઉમટી પડ્યા હતા. ત્યારબાદ કારના કાફલા સાથે રોડ શો કાઢવામાં આવ્યો હતો, જેના વીડિયો વાયરલ થતાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. આશિષ એટલે કે ચીકનો પાંડે લાલુ જાલિમ ગેંગનો ગુનેગાર છે અને બે વખત જેલમાં જઈ ચૂક્યો છે. હાલમાં ગુજસીકોટના કાયદા હેઠળ તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. જેલમાં ગયા બાદ આરોપીને ડર લાગતો હોય છે, પરંતુ ચીકનો જેલમાંથી બહાર આવ્યો તો તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પોલીસને દોડાવી દોડાવીને મારી

# નેપાળ, ફ્રાન્સ અને હવે લંડન, લાખો લોકો રસ્તા પર ઉતર્યા

**ટોમી રોબિન્સનના નેતૃત્વમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ એન્ટી-ઇમિગ્રેશન સામે માર્ચ કાઢી હતી**

। (એજન્સી) લંડન, તા.૧૫ ।

નેપાળ અને ફ્રાન્સ બાદ હવે વિરોધની આગ લંડન સુધી પહોંચી ગઈ છે. લંડનના સેન્ટ્રલ વિસ્તારમાં બ્રિટનના હાલના ઈતિહાસમાં સૌથી મોટું દક્ષિણપંથી પ્રદર્શન જોવા મળ્યું. આ પ્રદર્શનમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ જોડાયા હતા. લંડનમાં આ વિરોધ પ્રદર્શન યુનાઈટ ધ કિંગડમ માર્ચના નામે આયોજિત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં લગભગ ૧૦ લાખ લોકો ભાગ લે તેવી અપેક્ષા હતી અને તે પ્રોટેસ્ટ માટે તૈયારીઓ પણ એવી જ કરવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શનનું આયોજન જાણીતા દક્ષિણ પંથી નેતા ટોમી રોબિન્સનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં આવેલા લોકોના હાથમાં ધ્વજ અને પ્લેકાર્ડ હતા. સેન્ટ્રલ લંડનની રસ્તાઓ આ પ્રદર્શનકારીઓથી છવાયેલા હતા. ટોમી રોબિન્સનના નેતૃત્વમાં એક લાખથી પણ વધુ પ્રદર્શનકારીઓએ એન્ટી-ઈમિગ્રેશન સામે માર્ચ કાઢી હતી. આ દરમિયાન ત્યાં તૈનાત કેટલાક પોલીસકર્મીઓએ જ્યારે આ આંદોલનને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે પ્રદર્શનકારીઓ સાથે તેમની અથડામણ થઈ. આ દરમિયાન પ્રદર્શનકારીઓ દ્વારા ઘણા પોલીસ અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો, જેમાં ઘણા પોલીસ અધિકારીઓ ઘાયલ થયા. આના જવાબમાં પોલીસે પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે વધારાના દળો તૈનાત કર્યા, જેમાં સુરક્ષા દળો તેમજ ઘોડેસવારોનો પણ સમાવેશ થતો હતો. આમાંથી ઘણા પ્રદર્શનકારીઓએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોડાયેલી મેક અમેરિકા ગ્રેટ અગેઈન ટોપીઓ પણ પહેરી હતી. પ્રદર્શનકારીઓ વડાપ્રધાન કીર સ્ટાર્મરની ટીકા કરી રહ્યા હતા અને તેમના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. બ્રિટનમાં હાલમાં ઈમિગ્રેશનના મુદ્દા પર સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. કમજોર પડી રહેલી અર્થવ્યવસ્થા છતાં સામાન્ય લોકો માટે ચિંતાનું કેન્દ્ર આ વિષય છે. આંકડા મુજબ આ વર્ષે અત્યાર સુધીમાં ૨૮ હજારથી વધુ લોકો નાની હોડીઓની મદદથી ઈંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચ્યા છે. રસ્તાઓ પર લાલ-સફેદ અંગ્રેજી ધ્વજની સંખ્યા વધી રહી છે. સમર્થકો તેને દેશભક્તિનું પ્રતીક માને છે, જ્યારે વિરોધીઓનું કહેવું છે કે, આ વાતાવરણ વિદેશી ઈમિગ્રન્ટ્સ સામે નફરતને પ્રોત્સાહન આપે છે. કેટલાક પ્રદર્શનકારીઓએ અમેરિકન અને ઈઝરાયલી ધ્વજ પણ લહેરાવ્યા હતા. ટોમી રોબિન્સનનું સાચું નામ સ્ટીફન યાક્સલી-લેનન છે. બ્રિટનના રાષ્ટ્રવાદી અને ઈસ્લામ વિરોધી સંગઠન ઈંગ્લિશ ડિફેન્સ લીગના સ્થાપક અને દેશના સૌથી પ્રભાવશાળી દક્ષિણપંથી નેતાઓમાં રોબિન્સનની ગણતરી થાય છે.

# પાકિસ્તાની સેનાએ ખૈબર પખ્તૂનખ્વામાં ૪૫ આતંકીઓનો કૂરદો બોલાવ્યો

## પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે આતંકવાદીઓ સામે સંપૂર્ણ તાકાતથી જવાબ આપવાની વાત કહી છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં થયેલી અથડામણમાં ૧૯ સૈનિકોના મોત થયા છે. બીજી તરફ પાકિસ્તાની સેનાએ દાવો છે કે ૪૫ આતંકવાદીઓનો કૂરદો બોલાવી દીધો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે આતંકવાદીઓ સામે સંપૂર્ણ તાકાતથી જવાબ આપવાની વાત કહી છે. પાકિસ્તાની સેનાના જણાવ્યા પ્રમાણે ૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ત્રણ અલગ અલગ હિસ્સોમાં થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા છે. એક અહેવાલ પ્રમાણે વડાપ્રધાન શહબાઝ શરીફે આર્મી ચીફ ફિલ્ડ માર્શલ આસિમ મુનીર સાથે બન્નુની મુલાકાત લીધી હતી અને એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાજરી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, આતંકવાદ સામે પાકિસ્તાનનું અભિયાન સંપૂર્ણ તાકાતથી ચાલુ રહેશે અને કોઈ પણ પ્રકારની સમાધાન કે અસ્પષ્ટતાને સાંખી લેવામાં આવશે નહીં. શહબાઝ શરીફે આરોપ લગાવ્યો કે, પાકિસ્તાનમાં હુમલાઓ માટે જવાબદાર આતંકવાદી નેતાઓ અને માસ્ટરમાઈન્ડ અફઘાનિસ્તાનની ધરતી પરથી પોતાની ગતિવિધિઓ ચલાવી રહ્યા છે. આતંકવાદી ઘટનાઓમાં ઘૂસણખોર અફઘાન નાગરિકોની સંડોવણીનો દાવો કરીને, તેમણે હાલમાં પાકિસ્તાનમાં રહેતા ગેરકાયદેસર અફઘાનીઓને સ્વદેશ વાપસીની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો. શહબાઝ શરીફે કહ્યું કે, પાકિસ્તાન આતંકવાદના મુદ્દા પર રાજકીયકરણ અને ભ્રામક નિવેદનોને નકારે છે. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન અને ફિલ્ડ માર્શલે ઘાયલ સૈનિકોને મળવા માટે બન્નુના સૈન્ય હોસ્પિટલ પણ ગયા હતા. બીજી તરફ પાકિસ્તાની સેનાની મીડિયા વિંગ ISPRના જણાવ્યા પ્રમાણે બજૌર જિલ્લામાં ગુપ્ત માહિતી આધારિત ઓપરેશન દરમિયાન 22 TTP વિદ્રોહીઓ માર્યા ગયા. સાઉથ વજીરિસ્તાન જિલ્લામાં 13 TTP આતંકવાદીઓ માર્યા ગયા, જ્યારે ૧૨ સૈનિકોએ જીવ ગુમાવ્યા. લોઅર ડેર જિલ્લાના લાલ કિલા મેદાનમાં અન્ય એક ઓપરેશનમાં ૧૦ આતંકવાદીઓ અને ૭ સૈનિકો માર્યા ગયા. આ ઓપરેશનોમાં આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો હતો. ISPRએ એવો પણ દાવો કર્યો હતો કે, ગુપ્તચર અહેવાલોએ આ હુમલાઓમાં અફઘાન નાગરિકોની શારીરિક સંડોવણીની સ્પષ્ટ પુષ્ટિ કરી છે.

આ મિસાઇલની ગતિ અવાજની ગતિ કરતાં ૯ ગણી વધારે છે, જેને રોકવી લગભગ અશક્ય છે

# રશિયાએ ઝિરકોન હાઇપરસોનિક મિસાઈલ ટેસ્ટ કરતાં દુનિયા ચોંકી

। (એજન્સી) મોસ્કો, તા.૧૫ ।

રશિયાએ ફરી એકવાર દુનિયાને પોતાની લશ્કરી તાકાતનો અનુભવ કરાવ્યો છે. લશ્કરી કવાયત દરમિયાન રશિયાએ તેના સૌથી ઘાતક હથિયારો પૈકી એક હાઈપરસોનિક ઝિર્કોન મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલની ગતિ અવાજની ગતિ કરતાં ૯ ગણી વધારે છે, જેને રોકવી લગભગ અશક્ય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મિસાઈલ કોઈપણ દેશનો નકશો બદલવાની ક્ષમતા ધરાવે છે. રશિયાએ રવિવારે આ અંગે જાણકારી આપતાં કહ્યું હતું કે, અમે બેરેન્ટ્સ સમુદ્રમાં એક લક્ષ્ય પર ઝિર્કોન (ત્સિર્કોન) હાઈપરસોનિક ક્રુઝ મિસાઈલ છોડી હતી અને સુખોઈ સુ-૩૪ સુપરસોનિક ફાઈટર-બોમ્બર્સે બેલારુસ સાથે સંયુક્ત લશ્કરી કવાયતના ભાગ રૂપે હુમલા કર્યા હતા. રશિયન સંરક્ષણ મંત્રાલયે સધર્ન ફ્લીટના એડમિરલ ગોલોવ્કો ફ્રિગેટ દ્વારા બેરેન્ટ્સ સમુદ્રમાં એક લક્ષ્ય પર ઝિર્કોન હાઈપરસોનિક મિસાઈલ છોડવામાં આવી રહી હોવાના ફૂટેજ જાહેર કર્યા હતા. ફૂટેજમાં જોવા મળ્યું છે કે, ફ્રિગેટથી મિસાઈલ છોડવામાં આવી હતી અને પછી તે ક્ષિતિજ પર એક ખૂણા તરફ આગળ વધી હતી. મંત્રાલયે અહેવાલ આપ્યો હતો કે, વાસ્તવિક સમયમાં પ્રાપ્ત સર્વેલન્સ ડેટા અનુસાર, લક્ષ્ય સીધા પ્રહાર સાથે નાશ પામ્યું હતું. મંત્રાલયે એમ પણ જણાવ્યું કે સધર્ન ફ્લીટના મિશ્ર ઉડ્ડયન કોર્પ્સના લાંબા અંતરના એન્ટિ-સબમરીન વિમાનો આ કવાયતમાં સામેલ હતા. ઉપરાંત, જી-૩૪ ના ક્રૂએ જમીન પરથી બોમ્બમારોનો અભ્યાસ પણ કર્યો હતો. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રશિયા અને બેલારુસ વચ્ચે ઝાપડ-૨૦૨૫ અથવા પશ્ચિમ સંયુક્ત વ્યૂહાત્મક કવાયત ૧૨ સપ્ટેમ્બરના રોજ શરૂ થઈ હતી, જેનો હેતુ રશિયા અથવા બેલારુસ પર હુમલાની સ્થિતિમાં લશ્કરી કમાન્ડ અને સંકલનમાં સુધારો કરવાનો હતો.

ધાબળા - રજાઈ અત્યારથી તપાવી દેજો!

# ધમાકેદાર ચોમાસા બાદ હાડ થીજવતી ઠંડીની આગાહી!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ક્લાઈમેટ ચેન્જને કારણે મોસમમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. એવરેજ તાપમાનમાં વર્ષ દર વર્ષે વધારો થતો જોવા મળી રહ્યો છે. વરસાદનો પ્રકોપ પણ વધી રહ્યો છે. આ વર્ષે ચોમાસાની સિઝનમાં દેશના ઘણા ભાગોમાં ધમાકેદાર વરસાદ ખાબક્યો છે. હિમાચલ પ્રદેશથી લઈને અનેક રાજ્યોમાં તેની અસર જોવા મળી છે. હવે શિયાળાનો વારો છે. મોસમના નિષ્ણાતોએ શિયાળાની આગાહી સાથે પહેલેથી જ ચેતવણી આપી છે. મોસમ વિજ્ઞાનીઓનું કહેવું છે કે, આ વખતે ભારે ઠંડી પડી શકે છે. નિષ્ણાતોના મતે તો આ વખતની શિયાળાની મોસમ સામાન્ય કરતા વધારે ઠંડી રહી શકે છે. તેની પાછળનું કારણ છે લા-નીનાની અસર. લા-નીના એક્ટિવ થવાથી તાપમાનમાં ઘટાડો થાય છે અને આ વખતે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ૭૧% સુધી એક્ટિવ રહેવાની સંભાવના છે.



આ કારણે આ વખતે હાડ થીજવતી ઠંડી પડવાની આગાહી છે. મોસમના નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ વર્ષના અંત સુધી લા-નીનાની વાપસી થઈ શકે છે, જેના કારણે વૈશ્વિક મોસમના પેટર્ન બદલાશે અને ભારતની શિયાળાની મોસમ સામાન્ય કરતા વધુ ઠંડી રહી શકે છે. અમેરિકન નેશનલ વેધર સર્વિસના ક્લાઈમેટ પ્રેડિક્શન સેન્ટર (CPC)એ ૧૧ સપ્ટેમ્બરે જાહેર કરેલા પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે લા-નીના એક્ટિવ થવાની ૭૧% સંભાવના છે. જોકે, ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે આ સંભાવના ઘટીને ૫૪% થઈ જશે, પરંતુ લા-નીના વોચ અસરકારક રહેશે. લા-નીના શું છે, ભારત પર શું અસર?લા-નીના, એલ-નીનો–સદર્ન ઓસીલેશન (ENSO)નો ઠંડુ ચરણ છે. તેમાં પેસિફિક મહાસાગરના ભૂમધ્યરેખીય ક્ષેત્રનું સપાટી તાપમાન સામાન્ય કરતા નીચે જતું રહે છે. તેનો અસર માત્ર પેસિફિક મહાસાગર સુધી મર્યાદિત નથી હોતી પરંતુ સમગ્ર વિશ્વના મોસમ પર પડે છે. ભારત માટે આ સ્થિતિ સામાન્ય કરતા વધુ ઠંડી શિયાળાની મોસમ લાવે છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગ (IMD)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું, 'અમારા મોડલ ઓક્ટોબર-ડિસેમ્બર વચ્ચે લા-નીના વિકસિત થવાની 50%થી વધુ સંભાવના દર્શાવી રહ્યા છે. જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં ઠંડી ઓછી પડી રહી છે. ગુજરાતમાં ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ઠંડી વધુ રહેતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે ઠંડીના દિવસો ઘટી ગયા હોય તેવું લાગે છે.

### ચોમાસુ ૧૫ સપ્ટેમ્બરની આસપાસ વિદાય માટે પરિસ્થિતિઓ અનુકૂળ બની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

IMD એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે. ચોમાસુ ૧૫ સપ્ટેમ્બરની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના ભાગોમાંથી વિદાય માટે પરિસ્થિતિઓ અનુકૂળ બની રહી છે. આ વર્ષે ચોમાસાએ ૮ જુલાઈની સામાન્ય તારીખથી નવ દિવસ પહેલા સમગ્ર દેશને આવરી લીધું હતું. ૨૦૨૦ પછી આ સૌથી પહેલું ચોમાસુ હતું, જેણે તે વર્ષે ૨૬ જૂને સમગ્ર દેશને આવરી લીધો હતું. આ વખતે ચોમાસાએ ભારતના ઘણા રાજ્યોમાં, ખાસ કરીને પહાડી રાજ્યોમાં, વિનાશ મચાવ્યો છે અને લોકો આજ કારણ છે કે, હવે વરસાદથી કંટાળી ગયા હશે. આવી સ્થિતિમાં, હવામાન વિભાગે તેના પુનરાગમન વિશે મોટી માહિતી આપી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ શુક્રવારે કહ્યું છે કે, ચોમાસું ૧૫ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તરપશ્ચિમ ભારતમાંથી વિદાય લેવાનું શરૂ કરી શકે છે. પ્રાથમિક વરસાદી સિસ્ટમ સામાન્ય રીતે ૧ જૂન સુધીમાં કેરળમાં પ્રવેશ કરે છે.

### ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે, તમામ કેમ્પનું પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે

# વડાપ્રધાન મોદીના ૭૫માં જન્મ દિવસે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસે અમદાવાદના આંગણે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાવાનો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સૌથી મોટો મેગા રક્તદાન કેમ્પ યોજાશે. જેમાં ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. આ વિશે માહિતી આપતા કાર્યક્રમના આયોજક મુકેશ ગુગલીયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે વિશ્વનો સૌથી મોટો રક્તદાન કેમ્પ યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે Mega Blood Donation Drive – રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦ નું આયોજન કરાયું છે. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા આ આયોજન કરાશે. અખિલ ભારતીય તેરાપંથના ૬૨ વર્ષ પૂર્ણ થતાં અને ૬૨માં વર્ષમાં પ્રવેશ અને એ જ દિવસે પ્રધાનમંત્રીનો જન્મ દિવસનો સમન્વય જેની ભવ્ય ઉજવણી કરાશે. કાર્યક્રમમમાં ૫૦ થી વધુ સંસ્થાઓ જોડાશે. તો અન્ય આયોજક રાજેશ સુરાણાએ કહ્યું કે, પીએમ મોદીના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. તમામ કેમ્પનું પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર કેમ્પમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મંત્રી હાજર રહેશે. આ દિવસે ૩ લાખ યુનિટ કલેક્ટ થાય તેવો લક્ષ્યાંક છે.

**કાર્યક્રમની માહિતી**

૭૫ દેશોમાં બ્લડ ડોનેશન કાર્યક્રમ, ૭૫૦૦ થી વધુ કેમ્પ, ૭૫ હજાર યુવાનો, ૪ હજાર બ્લડ બેંક, ૫ હજાર ડોક્ટર, ૨૫૦૦ ટેક્નિશિયન, ૧ લાખ સ્વયંસેવક, ૩ લાખ રક્તદાતા જોડાશે,૭૫ દેશોમાં યોજાશે કેમ્પ.

આ મેગા રક્તદામ કેમ્પ ૭૫ દેશોમાં યોજાશે. જેમાં નેપાળ, શ્રીલંકા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુકે સહિતના દેશમાં કેમ્પ યોજાશે. કેમ્પમાં ભાગ લેવા લોકોએ https://amd.abtypmbdf.org/mbdd/register પર નોંધણી કરવાની રહેશે. કેમ્પ યોજનાર સંસ્થા ૨૦૧૪ માં સૌથી મોટા રક્તદાન માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂકી છે. ૨૦૨૦ કોરોના સમયે ૩ હજારથી વધુ પ્લાઝમા એકત્ર કરવામાં એશિયા અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ નોંધાવ્યો છે. ૨૦૨૨માં બ્રિટિશ સંસદ ખાતે ૬૧૪૯ બ્લડ કેમ્પ કરી એક દિવસમાં ૨.૫ લાખ યુનિટ બ્લડ એકત્ર કરી ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં સંસ્થાએ ૧૦ લાખથી વધુ યુનિટ બ્લડ એકત્ર કર્યું છે. આ ઉપરાંત લોકોમાં જાગૃતિ આવે માટે તે માટે ૧૪ સપ્ટેમ્બરે સાયકલોથોન, મેરેથોન અને વોકાથોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કાર્યક્રમમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશન, ગુજરાત યુનિવર્સિટી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, Gcci, Vhp, Abvp, ભારતીય જનતા યુવા મોરચા સહિત વિવિધ સંસ્થા જોડાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રધાનમંત્રીના ૭૫ માં જન્મદિવસ પર ઓછામાં ઓછી ૭૫ હજાર બ્લડ યુનિટ એકત્ર થાય તેવો અંદાજ છે.

**કાર્યક્રમમાં ધ્યાન રાખવા જેવી બાબત**

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧ નંબર ગેટ પરથી જનરલ એન્ટ્રી. ૨ અને ૩ પરથી કાર અને વાહન જઈ શકશે અને ૪ નંબર ગેટ પરથી દૃદૃં એન્ટ્રી રહેશે, સ્ટેડિયમ ખાતે દૃદ્ઘષ્ઠ અને હોસ્પિટલ અને એમ્બ્યુલન્સ સહિતની પણ વ્યવસ્થા રહેશે, મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે માં આમંત્રણ વગર લોકો એકત્ર થાય તેના કરતાં વધુ લોકો બ્લડ કેમ્પમાં આવે તેવો આયોજકોનો લોકોને આગ્રહ, કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરતમંદ ને પહોંચાડવામાં અને મદદ કરવામાં આવશે, તો બીજી તરફ, સુરત પશ્ચિમ વિધાનસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરાશે. આ વિશે માહિતી આપતા સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ જણાવ્યું કે, સુરતમાં પીએમ મોદીના જન્મ દિવસની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરવામાં આવશે.




### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય આયોજન

આ ઉપરાંત સુરતની કેટલીક હોસ્પિટલોમાં બાળકીનો જન્મ થાય તો પ્રસુતિ ચાર્જ માફ કરવામાં આવશે. આ સાથે જ વય વંદના કાર્ડનો લાભ મેળવેલા ૩૦૦૦ લાભાર્થી અંબાજીમાં શ્રી યંત્રની પૂજા કરશે. અંબાજીથી વડનગરની મુલાકાત વડિલોને આપવામાં આવશે. વડનગરમા હાડકેશ્વર મહાદેવ મંદિરે યોજાનારા યજ્ઞમાં ભાગ લેશે. ત્યારબાદ આ તમામ વડીલો પરત સુરત આવશે. મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે માં આમંત્રણ વગર લોકો એકત્ર થાય તેના કરતાં વધુ લોકો બ્લડ કેમ્પમાં આવે તેવો આયોજકોનો લોકોને આગ્રહ, કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરતમંદ ને પહોંચાડવામાં અને મદદ કરવામાં આવશે, તો બીજી તરફ, સુરત પશ્ચિમ વિધાનસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરાશે.

## અમદાવાદના દરિયાપુરનું જિમખાના ફરી વિવાદમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલું અને અનેક વખત વિવાદોમાં સપડાયેલું મનપસંદ જિમખાના ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. આ વખતે જિમખાનાના ત્રણેય માળ પર જુગારીઓ પત્તા રમતા હોવાનો વીડિયો વાયરલ થયો છે, જેના કારણે ભારે હોબાળો મચી ગયો છે. મળતી માહિતી મુજબ, મનપસંદ જિમખાનાના અંદરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જુગારીઓ જુગાર રમી રહ્યા છે. વીડિયો ઉતારવામાં આવી રહ્યો છે તેવું જાણ થતા જ જુગારીઓ ત્યાંથી ભાગી ગયા હતા. વીડિયો ઉતારનાર વ્યક્તિ પોતે આ જગ્યાનો માલિક હોવાનો વીડિયોમાં દાવો કરી રહ્યો છે અને સાથે-સાથે એમ પણ કહી રહ્યો છે કે હું આ જગ્યાનો માલિક છું અને મેં અહીં જુગાર રમવાની કોઈ પરમિશન આપી નથી. જોકે, વીડિયોમાં જિમખાનામાં બેફામ જુગાર રમાઈ રહ્યો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે.

## મોતના કેસમાં નકલી પોલીસે દંપતી પાસે ૧.૨૦ લાખ પડાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમરાઈવાડીમાં નકલી પોલીસે અકસ્માત મોતના કેસમાં સમાધાન કરાવી આપવાનું કહીને દંપતી પાસેથી રૂ. ૧.૨૦ લાખ પડાવી લીધા હતા. ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં મહિલાના પતિ સામે અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. સામાવાળા પક્ષે સમાધાન માટે રૂ.૧૫ લાખની માગણી કરી હતી. આ અંગે મહિલાએ નકલી પોલીસ સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ખોખરામાં રહેતા ૩૯ વર્ષીય સ્ટેમીના ક્રિસ્ટી ઈસનપુરમાં હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેમના પતિ વિલીસ સ્કૂલવાન ચલાવે છે. ગત વર્ષ ૨૦૧૯માં વિલિસ સામે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત અંગેનો કેસ નોંધાયો હતો. આ કેસ કોર્ટમાં છે ત્યારે સામેવાળા પક્ષે સમાધાન માટે રૂ. ૧૫ લાખની માગણી કરી હતી.

### રાજકીય ખળભળાટ મચી ગયો

# ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા બળવો કરનાર ૯ ઉમેદવારો સસ્પેન્ડ

### પ્રદેશને ખબર ન હોઈ કે કોણ ભાજપના છે અને કોણ નહિ. પરંતુ મેન્ડેટ આપ્યા પછી પ્રદેશને ખબર પડી કે આમાં કેટલાક લોકો કોંગ્રેસના છે અને મેન્ડેટ આપ્યા પછી ચિન્હ બદલવામાં આવ્યા

। (એજન્સી) ભરૂચ, તા.૧૫ ।

ભરૂચમાં દુધધારા ડેરીની ચૂંટણીને લઈને ભાજપમાં આંતરિક ઘમાસાણ ચરમસીમાએ છે. પ્રદેશ ભાજપ દ્વારા આપવામાં આવેલા મેન્ડેટને સર્વોપરી માનવાનો પ્રયાસ કરાય છે. પરંતુ કેટલાક નેતાઓએ ભાજપ હાઈકમાન્ડના આ પ્રયત્નો પર પાણી ફેરવી દીધું છે. મેન્ડેટ વિરુદ્ધ ભાજપના આગેવાનો સામસામે મેદાનમાં જોવા મળશે. ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ વર્સિસ ભાજપ નો ઘાટ સર્જાયો હતો, જેથી ભાજપ મેન્ડેટ સામે બળવો કરનાર ૯ નેતાઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે. ભરૂચની દૂધધારા ડેરીમાં પક્ષના મેરિટ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવનાર ૯ લોકોને ભાજપે સસ્પેન્ડ કરી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભરૂચની દુધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ મેન્ડેટ સામે બળવો કરનાર ઉમેદવારો સામે ભારતીય જનતા પાર્ટીના મોવડીઓએ લાલ આંખ કરી છે. આ સસ્પેન્શનથી ધારાસભ્ય અરૂણસિંહ રણાને મોટો ફટકો પડ્યો છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ અરૂણસિંહ રાણાની પેનલના ૬ અને નર્મદા ૩ ઉમેદવારોને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી




જવા પામ્યો છે. આ બાબતે ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ પણ લાલ આંખ કરી છે અને દુધધારાની ચૂંટણી લઈ નેતાઓ પર પ્રહાર કરતા જણાવ્યું કે, જે આ થઈ રહ્યું છે એ ઘણું ખોટું થઈ રહ્યું છે. આવનારા દિવસો માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીને મોટો ફટકો પડશે. જોકે આ બાબતે ભરૂચ નર્મદાના સંકલનને સાથે રાખી આ મેન્ડેટ અંગે ચર્ચા કરવામાં આવી હોત તો આ વિવાદ જ ન થાત. પરંતુ આ કોઈના મહત્વકાંક્ષાને કારણે પ્રદેશને ગેરમાર્ગે દોરી છે. પ્રદેશને ખબર ન હોઈ કે કોણ ભાજપના છે અને કોણ નહિ. પરંતુ મેન્ડેટ આપ્યા પછી પ્રદેશને ખબર પડી કે આમાં કેટલાક લોકો કોંગ્રેસના છે અને મેન્ડેટ આપ્યા પછી ચિન્હ બદલવામાં આવ્યા. આ પ્રક્રિયા જે થઈ એ તદ્દન ખોટી થઈ છે અને આ પાર્ટીને ભવિષ્યમાં મોટું નુકસાન થવા જઈ રહ્યું છે.

### શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો

# રાજ્યભરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

શાકભાજી માર્કેટને મોટું ગ્રહણ લાગ્યું છે. અમદાવાદમાં શાકમાર્કેટમાં અચાનક ગ્રાહકોની ભીડ ઓછી થવા લાગી છે, જેની પાછળનું કારણ એ છે કે શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક સમયે ૨૦ રૂપિયા કિલો મળતું શાક તો ૧૨૦ રૂપિયા કિલો મળવા લાગે તો શું થાય? માર્કેટમાં ઘરાકી ઓછી અને વેપારીઓને તંગદિલી જોવા મળે. આવો જ ઘાટ સર્જાયો છે અમદાવાદના શાકમાર્કેટમાં. માર્કેટમાં મહિલાઓ આવે છે, શાકના ભાવ પૂછે છે અને પછી ૧૦૦ રૂપિયા કિલો ભાવ જોતાં માત્ર ૨૫૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ શાકની ખરીદી કરે છે. અમદાવાદમાં શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો છે. રીંગણા, ચોળી, પાપડી, તુવેર, ગુવાર જેવાં શાકભાજીના ભાવ ૧૦૦ રૂપિયાથી વધારે છે, જેને કારણે લોકોનાં બજેટ પર અસર પડી રહી છે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫: ચોળી ૨૦૦ રૂપિયા કિલો, કોબીજ ૬૦ કિલો, ફુલાવર ૧૨૦ રૂપિયા કિલો, ભીંડા ૮૦ રૂપિયા કિલો, ગુવાર ૧૫૦ રૂપિયા કિલો, પરવળ ૧૨૦ રૂપિયા કિલો, તુરિયા ૧૦૦ રૂપિયા કિલો, દૂધી ૭૦ રૂપિયા કિલો, પાપડી ૧૫૦ રૂપિયા કિલો, રીંગણા ૧૦૦ રૂપિયા કિલો, કારેલાં ૮૦ રૂપિયા કિલો, ટિંડોળા ૨૪૦ રૂપિયા કિલો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫, જ્યારે એક મહિના પહેલાં આ જ શાકના ભાવ: ચોળી ૬૦ રૂપિયા કિલો, કોબીજ ૨૦ રૂપિયા કિલો, ફુલાવર ૬૦ રૂપિયા કિલો, ભીંડા ૬૦ રૂપિયા કિલો, ગુવાર ૬૦ રૂપિયા કિલો, પરવળ ૮૦ રૂપિયા કિલો, તુરિયા ૫૦ રૂપિયા કિલો, દૂધી ૪૦ રૂપિયા કિલો, પાપડી ૭૦ રૂપિયા કિલો, રીંગણા ૪૦ રૂપિયા કિલો, કારેલાં ૪૦ રૂપિયા કિલો, ટિંડોળા ૧૦૦ રૂપિયા કિલો.વેપારીઓનું કહેવું છે કે. ભારે વરસાદના કારણે માલની આવક ઓછી થઈ અને તેને લઈને ભાવમાં મોટો વધારો છે.

# હિંમત રૂડાણી હત્યા કેસમાં બે આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર

### અમદાવાદના ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદના ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસમાં કોર્ટે બે આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે આ કેસમાં ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. પોલીસ દ્વારા આ કેસમાં આરોપીઓ રાહુલ અને પપ્પુ મેઘવાલની વધુ પૂછપરછ કરવા માટે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જ્યારે કોર્ટ દ્વારા ૫ દિવસના રિમાન્ડ મંજૂર થતા હવે પોલીસ આ બંને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ કરશે. આ પૂછપરછમાં હત્યા પાછળનો મુખ્ય હેતુ અને અન્ય કોઈ સંડોવાયેલા વ્યક્તિઓ વિશે માહિતી મેળવવામાં આવશે. આ કેસમાં વધુ વિગતો આગામી દિવસોમાં બહાર આવવાની શક્યતા છે. બિલ્ડર મનસુખ લાખાણીએ જ હિંમત રૂડાણીની હત્યા માટે સોપારી આપી હતી. લાખાણી અને રૂડાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદના કારણે જ મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતરું ઘડ્યું હતું. અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ બંને બિલ્ડરો નિકોલના ગંગોત્રી સર્કલ નજીકના એક જમીનના પ્લોટને લઈને લાંબા સમયથી લડી રહ્યા હતા. આ વિવાદ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં જાહેર થયો હતો, જ્યારે માલિકી હકને લઈને થયેલી બોલાચાલી બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તપાસ અધિકારીઓએ ખુલાસો કર્યો કે, હિંમત રૂદાણીના પુત્ર ધવલે મનસુખ લાખાણીના પુત્ર કિંજલ લાખાણી સામે CID ક્રાઈમના આર્થિક ગુના વિંગ (EOW)માં ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

### ગુજરાત જ નહીં પરંતુ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હીમાંથી મોટા પ્રમાણમાં ઓર્ડર આવી રહ્યા છે

# નવરાત્રીને લઈ સુરતની ચણિયાચોળીની દેશમાં માંગ, વેપારીઓને ૨૫૦ કરોડના વેચાણની આશા

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ અને ગરબાનો તહેવાર નવરાત્રી હવે માત્ર રાજ્યની સીમાઓથી આગળ વધીને દેશભરમાં લોકપ્રિય બન્યો છે. આ તહેવારની ઉજવણી સાથે ગુજરાતી પરંપરાગત પોશાક ચણિયા-ચોળીની માંગ પણ દેશના અન્ય રાજ્યોમાં ઝડપથી વધી રહી છે. સુરતના બેગમપુરા વિસ્તારમાં આવેલા પશુપતિ ટેક્સટાઈલ માર્કેટ, તિરુપતિ માર્કેટ અને શંકર માર્કેટ નવરાત્રીની સિઝનમાં ચણિયા-ચોળીના હોલસેલ અને રિટેલ વેચાણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યા છે. આ માર્કેટોમાં ગ્રાહકોની ભીડ અને ખરીદીનો ઉત્સાહ નવરાત્રીની નજીક આવતાં વધુ તીવ્ર બન્યો છે. સુરતના આ માર્કેટોમાંથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં ચણિયા-ચોળીના ઓર્ડર મળી રહ્યા છે. ગુજરાતની અંદર પણ રાજકોટ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં આ પોશાકનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, ગ્રાહકો પરંપરાગત ડિઝાઈનની સાથે ઈન્ડો-વેસ્ટર્ન લુકવાળી ચણિયા-ચોળી પણ ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ડિઝાઈનની વિવિધતા અને ગુણવત્તાને કારણે બેગમ પુરા માર્કેટમાં ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળે છે. વેપારીઓ આશા રાખે છે કે આ નવરાત્રીમાં માત્ર સુરતમાંથી જ ૨૫૦ કરોડ રૂપિયાના ચણિયા-ચોળીનું વેચાણ થશે. શંકર માર્કેટના સચિવ અને ફોસ્ટાના ડાયરેક્ટર જગદીશભાઈ કોઠારીએ જણાવ્યું કે, મોદી સરકારે GSTમાં આપેલી રાહત કાપડ વેપારીઓ માટે દિવાળી પહેલાં એક મોટી ભેટ સમાન છે. ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થનારો ૫% ય્જીના નિયમ કાપડના વેપારીઓ માટે એકસમાન રહેશે, જેનાથી વેપારમાં વધુ પારદર્શિતા અને ઉત્સાહ આવશે. આ રાહતને કારણે નવરાત્રીની સિઝનમાં ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો વેપાર થવાની આશા છે.

# હજુ પણ આઘાતમાં છે અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલો વિશ્વાસ કુમાર

### તેના પરિવારે કહ્યું કે કદાચ તે હવે ક્યારેય પોતાના ઘર બ્રિટનમાં પરત ફરી શકશે નહીં, તે હજુ ગભરાયેલો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

૧૨ જૂન, ૨૦૨૫ના અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાને ત્રણ મહિના થઈ ગયા છે. આ દુર્ઘટનામાં માત્ર એક વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. તેના પરિવારે કહ્યું કે કદાચ તે હવે ક્યારેય પોતાના ઘર બ્રિટનમાં પરત ફરી શકશે નહીં. તે હજુ ગભરાયેલો છે. આવો જાણીએ તેનું કારણ શું છે. અમદાવાદમાં ૧૨ જૂને બપોરે એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. આ વિમાનમાં સવાર ૨૬૧માથી માત્ર એક વ્યક્તિનો જીવ બચ્યો હતો. બ્રિટનમાં રહેતા અને મૂળ દીવના વિશ્વાસ કુમાર રમેશનો આબાદ બચાવ થયો હતો. ધ સનના રિપોર્ટ પ્રમાણે વિશ્વાસની પત્ની હરલ અને ચાર વર્ષનો પુત્ર દુર્ઘટના બાદ ભારત આવ્યા હતા, પરંતુ હવે તે બ્રિટન પરત ફરી ગયા છે. વિશ્વાસના સંબંધીએ કહ્યું કે તે આઘાતમાં છે અને તેને આશા નથી કે તે હવે લંડન કે લીસેસ્ટર સ્થિત પોતાના પારિવારિક ઘરમાં તેની સાથે રહેશે. તેમણે મેલ ઓન સંડેને જણાવ્યું: મને લાગે છે કે અત્યારે તે ત્યાં (દીવ) રોકાશે કારણ કે તે ફરીથી વિમાનમાં ચઢવાથી ખૂબ ડરશે. એક યુએસ કાયદાકીય ફર્મ હવે દાવો કરી રહી છે કે પાણીના લીકેજ પછી ઈલેક્ટ્રિકલ નિષ્ફળતા ક્રેશનું કારણ બની શકે છે, પાઈલટની ભૂલ નહીં. બીસ્લી એલનના માઈક એન્ડ્રૂઝ દાવો કરે છે કે ક્રેશના થોડા મહિના પહેલા, યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને ૭૮૭ વિમાનોમાં પાણી લીકેજના અહેવાલો પ્રકાશિત કર્યા હતા. તેમણે કહ્યું કે રમેશે એ પણ વર્ણવ્યું હતું કે કેબિન લાઈટ કેવી રીતે ઝબકતી હતી - સંભવતઃ ઈલેક્ટ્રિકલ સમસ્યાનો સંકેત આપે છે. રમેશ પોતાની સીટ ૧૧છ પર સવારી કરી રહ્યો હતો.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
➪ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
➪ લેબર જોતા હોય તો કોલ કરો
➪ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393



જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

